
# મીરાબહેન

જયન્ત પંડ્યા



GJ 891.471 5
P 192 M

શ્રી મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ
અમદાવાદ

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# મીરાંબહેન

જયન્ત પંડ્યા

શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, ગુજરાત
ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૭

| | | |
|---|---|---|
| મહાદેવભાઈ દેસાઈ : સત્ત્વ અને સાધના | ચંદ્રકાન્ત શેઠ | ૧૦-૦૦ |
| કિશોરલાલ મશરૂવાળા | કેતકી બ્લસારી | ૧૦-૦૦ |
| મીરાંબહેન | જયન્ત પંડ્યા | ૮-૦૦ |
| વાણછા વિનાના વડલા: મહાદેવભાઈ દેસાઈ | નારાયણ દેસાઈ | ૮-૦૦ |
| ગાંધીઅર્થવિચારના પ્રખર ભાષ્યકાર: ડૉ. જે. સી. કુમારપ્પા | મગનભાઈ જો. પટેલ | ૭-૦૦ |
| નરહરિભાઈ પરીખ | વનમાળા દેસાઈ | ૭-૦૦ |

૭ પુસ્તકોનો સંપુટ: ચાળીસ રૂપિયા

130240
8-9-2010
GJ
891.4715
P192M

પ્રથમ આવૃત્તિ: જુલાઈ, ૧૯૯૪
પ્રત: ૨,૦૦૦

કિંમત: આઠ રૂપિયા

© જયન્ત પંડ્યા

પ્રકાશક:
અમૃત મોદી
મંત્રી, શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, ગુજરાત
ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૭ ટેલિફોન: ૪૮૩૬૭૭
મુદ્રક:
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪
મુખ્ય વિક્રેતા:
નવજીવન ટ્રસ્ટ
પો. નવજીવન, અમદાવાદ-૩૮૦ ૦૧૪

Library IIAS, Shimla
GJ 891.471 5 P 192 M
00130240

ચિરંજીવી

સ્વાતિ નિશીથ
રાગિણી અસીમ

ને.

# નૈવેદ્ય

મીરાંબહેનના જન્મશતાબ્દી વર્ષમાં એમની સંક્ષિપ્ત જીવનકથા આપી શકાય છે, તેનો આનંદ અનેરો છે. શતાબ્દી વર્ષમાં ગૂજરાત વિદ્યાપીઠ, ગ્રામભારતી–અમરાપુર અને સાબરમતી આશ્રમમાં, એમ ત્રણે સ્થળે વ્યાખ્યાનવિષય તરીકે મેં મીરાંબહેનને પસંદ કરેલાં, કારણ કે એમની જન્મશતાબ્દી બ્રિટનમાં તો ઉજવાવાની જ ન હતી. કિશોરલાલ મશરૂવાળા અને મહાદેવભાઈ પોતાના તેજે પ્રકાશમાન રહેવાના હતા. અન્ય વિભૂતિઓનું સ્મરણ કરનારા નીકળી આવવાનો સંભવ પણ હતો પરંતુ મીરાંબહેન ? એમને કોઈ યાદ નહીં કરે એવો ભય નથી, પરંતુ તેમનુંય ઉચિત તર્પણ થવું જોઈએ એવો મનોભાવ પેલાં વ્યાખ્યાનો પાછળ રહેલો હતો. આ પુસ્તિકા એના અંતિમ ચરણરૂપે આવે છે. એનું પ્રકાશન કરી, તેના ઔચિત્યને પ્રમાણવામાં શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ મોખરે રહે એ ઘટના જ રોમહર્ષક છે.

પુસ્તિકા લખતી વેળા જેનો આધાર લીધો છે તેમાં વનમાળા પરીખે કરેલો અનુવાદ, ‘એક સાધિકાની જીવનયાત્રા’, ‘બાપુઝ લેટર્સ ટુ મીરાં’, બલવન્તસિંહ કૃત ‘બાપુ કા આશ્રમ પરિવાર’, ચંદુભાઈ દલાલે સંપાદન કરેલી ‘ગાંધીજીની દિનવારી’ અને ‘મહાદેવભાઈની ડાયરીઓ’ મુખ્ય છે. મીરાંબહેને તેમની જીવનકથામાં તવારીખો વિશે ચિંતા રાખી નથી એટલે ઘટનાપ્રવાહમાં કેટલીક તારીખો અને કથાને પૂરક થાય એવી થોડીક સામગ્રી આ લઘુચરિત્રમાં ઉમેરી શકાઈ તેનું શ્રેય ‘દિનવારી’ અને ‘ડાયરીઓ’ને જાય છે. તેમના પ્રતિ મારી કૃતજ્ઞતા અને વાચકોને સ્મૃતિવંદનાનું નૈવેદ્ય સમર્પું છું. ગાંધી આશ્રમની નક્ષત્રમાળાની જન્મશતાબ્દીએ ગાંધીજી અને તેમના સાથીઓના જીવનકાર્ય અને સમર્પણ ઉપર ઠીક ઠીક પ્રકાશ પાડ્યો છે. હજુ તો, હવે જ આવનારા ગાંધીયુગ માટે, એ બધાં ધરુવાડિયાં નવા મોલની અપાર ક્ષમતા ધરાવે છે.

૫૦, પ્રોફેસર્સ કૉલોની,
અમદાવાદ – ૩૮૦ ૦૦૯

**જયન્ત મ. પંડ્યા**

# પ્રકાશકનું નિવેદન

શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિએ સ્વ. મહાદેવભાઈની જન્મશતાબ્દીની ઉજવણી સાથે, એ અરસામાં જેમની જન્મશતાદી આવતી હોય તેવા ગાંધીજનોની જન્મશતાબ્દી પણ ઊજવવી એમ નક્કી કરેલું. તેની સાથે જ એ ગાંધીજનોના જીવન અને કાર્યનો પરિચય કરાવતી પુસ્તિકાઓ પણ પ્રસિદ્ધ કરવાનું ઠરાવેલું.

તે મુજબ સ્વ. મીરાંબહેનના જીવન અને કાર્યનો પરિચય કરાવતી આ પુસ્તિકા શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. જન્મશતાબ્દી વટાવી ચૂકેલા આ ગાંધીજનોની પુસ્તિકાનો સંપુટ વાચકો માટે ઉપયોગી થઈ પડશે અને તેને યોગ્ય આવકાર મળશે એવી સમિતિને શ્રદ્ધા છે.

તા. ૩૦-૮-'૯૪

## ૧

જન્મનું નામ મેડલીન. ૧૮૯૨માં એમનો જન્મ થયેલો. સંસારમાં અતિથિરૂપે જ અવતર્યાં હશે, કેમ કે એમની જન્મતારીખ, જન્મસ્થળ આદિનો ઉલ્લેખ એમણે લખેલી આત્મકથામાં નથી. પિતાજી નૌકાદળમાં અમલદાર એટલે એમને તો દરિયો ભાગ્ય સાથે જડાયેલો. પિતા દરિયાઈ સફરમાં હોય ત્યારે મેડલીનનાં માતા, પોતાને પિયર, મિલ્ટન હીથમાં જઈને રહેતાં. આ મિલ્ટન હીથ એ લંડનની દક્ષિણે આવેલા ડોર્કિંગ પ્રદેશનું નાનકડું ગામ. માતામહ પાસે વીસ એકર જેટલી જમીન. એ જમીનમાં ઉપરવાસે એમનું મકાન. મકાનમાંથી ડોર્કિંગની રમણીય સૃષ્ટિ નજરે પડતી. એક બાજુએ નોર્થ ડાઉન્સના ઓતરાદા ઢોળાવો અને બીજી બાજુએ લીથ હિલ્સને નામે ઓળખાતી ટેકરીઓ. રમણીય પરિવેશ દાદાજીને ગમતો એટલે જ એમણે મિલ્ટન હીથ ખરીદ્યું હતું. મિલ્ટન હીથના તેમના રહેઠાણની આસપાસ હતી રૂપાળી ધરતી, ધરતીને ખોળે ઢોર માટેની કોઢ, જાતવંત ઘોડાઓથી શોભતી ઘોડાર, આમતેમ ચરતી ચારપાંચ જર્સી ગાયો, મરઘાંઘર અને ડુક્કરો માટેનો વાડો. મેડલીનના બાળપણની આ મિરાત. આ મિરાતમાંથી નીપજ્યું હતું તેમનું રસશાસ્ત્ર.

મેડલીનને ત્રણેક વર્ષ મોટી એક બહેન હતી. બહેનનું નામ રોહના. તે છાત્રાલયમાં રહેતી. રોહનાથી ત્રણ વર્ષ મોટા એવા એક મામા પણ ખરા. એમનું લાડકું નામ એલેક. મામા કહેવા જેટલા એ મોટા ન હતા એટલે બે ભાણેજો અને એક મામા ભાઈબહેનની જેમ જ ઊછર્યાં હતાં. સ્વભાવથી મેડલીનને એકાન્ત વધારે ગમતું. બાગમાં અથવા તો વૃક્ષો નીચે એકલાં એકલાં એ રમ્યા કરતાં. જન્મદાત્રી માતા અને બાળકોનું લાલનપાલન કરનારી આયા બર્થા, એ બન્ને, મેડલીનને ખૂબ વહાલાં લાગતાં. એવાં જ વહાલાં લાગતાં વૃક્ષો અને પશુપંખીઓ. પ્રત્યેક વૃક્ષ સાથે તેમણે આગવું સગપણ બાંધેલું. હૈયામાં હેત ઊભરાય ત્યારે મેડલીન વૃક્ષોને ભેટી પડતાં. દાદાના ઊંચા મકાનનો વચલો માળ એ હતો બાળકોનો શયનખંડ. સવારે આંખ ઊઘડે અને ઘોડાર નજરે પડે. ચાકરો ઘોડાની સફાઈ અને માવજત કરતા પ્રત્યક્ષ દેખાય. મેડલીન આ ક્રિયાકાંડો રસપૂર્વક જોયા કરે. એમના પ્રારંભિક જીવનનું આ ધરુવાડિયું.

આ હરીભરી દુનિયામાં દાદાજી ન હોય તો બધું અધૂરું લાગે. દોસ્તોમાં એ સૌથી મોટા દોસ્ત. દૌહિત્રી અને દાદાના ભાવસંબંધોમાં વયનું અંતર ફરકી ન શકે. સ્વાભાવિક સમજદારીથી અને સહજ ઉમળકાથી બન્નેનું સ્નેહજગત વિસ્તરતું રહે.

મેડલીનને રમકડાંની માયા ન હતી. તેમ છતાં બે રમકડાં એમાં અપવાદરૂપ હતાં. એક હતો, રૂંછાવાળા ચામડામાં ડૂચા ખોસીને બનાવેલો વાંદરો. અને બીજી એવી જ રીતે બનાવેલી ખિસકોલી. વાંદરાભાઈનું નામ નિમ્પી અને ખિસકોલીબહેનનું સ્ફ્વીલી. એમને માટે એક નોકર પણ બનાવેલો. એનું નામ ઇમ્પી. આ ત્રણેના સંસારની સુખદ સ્મૃતિ એમના ચિત્તમાં ચિરકાળ વસેલી.

બાળપણ એમનું અત્યંત નિયમિત હતું. દિવસ દરમિયાન બર્થા સાથે એ બાલઘરમાં હોય અથવા તો બગીચામાં. રોજ એક માઈલ બર્થા સાથે ચાલવાનું. બપોર પછી વડીલોને મળવાનો સમય અલાયદો રાખેલો. એ વેળા દાદાજી સાથે રમવાનું અને એ શકય ન હોય તો બેઠકખંડમાં જઈને બેસવાનું. એ ખંડમાં એમનાં સ્કૉટિશ દાદીમા મોટે ભાગે ગૂંથણકામ કર્યા કરતાં. ફક્ત રવિવારે બધાંની સાથે જમવાની તક મળતી ત્યારે મેડલીન હંમેશાં મા પાસે બેસતાં. એમનાં મા ખોરાક વિશે ઠીક ઠીક કાળજી રાખતાં. એમને સાદામાં સાદો ખોરાક આપવામાં આવતો. ઘરની બહાર પાળવાના પણ નિયમો હતા. એમાં બાગમાંથી ફૂલ ચૂંટવાની મનાઈ હતી. એકમાત્ર દરવાજા પાસે ગુલાબનાં ઝુંડ હતાં તેમાંથી ગુલાબ તોડવાની પરવાનગી મળતી. એમનું જીવન કાળજીથી ઘડાયેલા નિયમો પ્રમાણે ચાલતું હતું તેમ છતાં એમાં એકવિધતાનો કંટાળો મેડલીનને આવતો નહીં કારણ કે આસપાસની દુનિયામાં નવીનતા અને વિસ્મયનો પુરવઠો સતત મળ્યા કરતો.

દરિયાઈ સફરેથી પાછા આવીને પિતાજી શોખથી સુથારીકામ કરતા. એને કારણે કરવત, હથોડી, રંદો, ફરસી જેવાં ઓજારો કેમ વાપરવાં એ કળા અજાણ રીતે તેમના ચિત્તમાં અંકાઈ ગઈ હતી. પરંતુ મેડલીનનું પસંદગીનું અને સૌથી પ્રિય ક્ષેત્ર હતું ઘોડાર. એમાં ચાલતા એકેએક કામને એ ખૂબ રસથી અને ઝીણવટથી જોતાં. ઘોડાને ખરેરો કરવો, એના શરીરને ચોખ્ખું કરવું, ઘોડાની ખરી સાફ કરવી, ઘોડાને લગામ

પહેરાવવી, જીન ચઢાવવું, એમને ગાડીએ જોતરવા એ બધું સહજ રીતે આત્મસાત્ થતું જતું હતું. પ્રારંભિક જીવનની આવી વિદ્યાપીઠનું શિક્ષણ એમને પાછળથી ખૂબ ખપમાં આવેલું.

નાનપણમાં, ઘરમાં થઈ શકે એવાં નાટકો કરેલાં પણ એ શોખ અલ્પજીવી જ રહેવા પામ્યો હતો. અન્ય સ્મરણોમાં દાદાજીના પિતાને મળવા ક્લિફ્ટન ગયાં હતાં અને તે પછી મોટા કાકા એડમન્ડને મળેલાં તેની સ્મૃતિ મેડલીનમાં અકબંધ રહેલી.

એમના માતામહના દાદા વિદેશમાં કામગીરી બજાવવા ગયેલા અને ત્યાંથી, એક જિપ્સીસમી કન્યા પરણી લાવેલા. પૂર્વ યુરોપની એ કન્યકાની ખાસિયતો પેઢી-દર-પેઢી ઝમતી આવેલી. મેડલીનની માતામાં એનો ફાલ વધારે ઊતરેલો અને દીકરીનેય વારસામાં મળેલો. માતૃપક્ષ રૂઢિચુસ્ત ન હતો જ્યારે પિતૃપક્ષે શ્રીમંતાઈ અને રૂઢિદાસ્ય આગળ તરી આવતાં. મેડલીનના સ્વભાવને એ રુચિકર નહોતું લાગતું. પિતૃપક્ષે દાદા પાદરી હતા અને દાદાના દાદા જનરલ સર જ્હોન સ્લેડ 'છોટે સરદાર' તરીકે કુટુંબમાં જાણીતા હતા. ૬૦ વર્ષની વયે ૧૬ વર્ષની છોકરી સાથે તેમણે લગ્ન કરેલું. એમની સૌથી નાની દીકરી ગરટ્રયૂડના જન્મ સમયે વડદાદાની ઉંમર ૮૦ વર્ષની હતી. ખૂબ સંસ્કારી, અત્યંત રમૂજી અને ખૂબસૂરત ફઈબા આજન્મ કુંવારાં રહેલાં અને એકલાં આખું યુરોપ ઘૂમી વળેલાં. ફ્રેન્ચ અને ઇટાલિયન ભાષા એ છૂટથી બોલી શકતાં.

છોટે સરદારને બાગકામનો શોખ હતો. એવો જ શોખ માતામહને હતો. ગુલાબની કલમો કરવી, લાંબા ઝાડુથી બગીચાના રસ્તા સાફ કરવા, એવાં એવાં કામો એ હોંસથી કરતા. એ દિવસો મોટરવિહોણા હતા. લંડન શહેરમાં પણ મોટરો ન હતી. હતી માત્ર બે ઘોડાની, ચાર પૈડાંવાળી ઘોડાગાડીઓ. પ્રકૃતિસભર જીવનમાં જે ઘડીએ મોટરનો પ્રવેશ થયો તે દિવસથી શાંતિનો વાસ ઊઠી ગયો. માતામહી એ ઘટનાથી ખૂબ વ્યગ્ર અને બેચેન થયેલાં. એવાં જ બેચેન થયેલાં પશુપંખીઓ. મોટર જેવું યંત્રપ્રાણી એમને માટે નવું જોણું હતું. પૂર્વ સદીઓની અભિરામ શાન્તિ અને ગ્રામપ્રદેશના રસ્તાઓનું અવિરલ રૂપ મોટરોએ નંદવી નાખ્યાં હતાં. વળી, બાકી હોય તેમ આવ્યાં હવાઈ જહાજ અને આસુરી કોલાહલો. જે સૃષ્ટિને એમણે ભરપેટ ચાહી હતી તેના ઉપરનું આવું આક્રમણ

મેડલીનને અસહ્ય લાગ્યું હતું. એમના મનમાં ફાળ પડેલી કે, 'દુનિયામાં ક્યાંય એકાન્ત રહેશે જ નહીં શું?' આંખ સામેથી સરી ગયેલા એકાન્તને ફરી પામવાની ઝંખના મેડલીનના શરીરમાં સદૈવ વસેલી જોવા મળે છે.

પાંચછ વર્ષની નાની ઉંમરે મેડલીને અલખનો નાદ અનુભવેલો. એ અજ્ઞાત શક્તિના પ્રભાવથી તે અભિભૂત થયેલાં. અનંત, અગાધ કે અપરિમેય સૃષ્ટિનો વિચાર એમને કંપાવી મૂકતો. એ વખતે મેડલીન ઇહલોક અને દુન્યવી ઘટનાનો વિચાર કરીને ભયમુક્ત થવા પ્રયત્ન કરતાં. તેમ છતાં કોઈ કોઈ વાર એવું પણ થતું કે જેના જોરે એ દૂરાતિદૂર ખેંચાઈ જતાં. નીરવ ક્ષણે, કાને પડતા પંખીઓના ટહુકામાં, વૃક્ષપલ્લવો વીંધીને વહી આવતા પવનના સુસવાટામાં અજ્ઞાત શક્તિનો ધ્વનિ વધારે સજીવ અને પ્રબળ બનતો. એ ઘડી મેડલીનને રળિયામણી લાગતી.

## ૨

દિવસો વીતતા જતા હતા તેમ તેમ પ્રત્યેક દિવસ બાળપણને ખસેડીને કૌમાર્ય માટે જગ્યા કરતો જતો હતો. એમાં વય પ્રમાણે સોબતીઓ બદલાતા, વિચારપ્રક્રિયાઓ પણ બદલાતી. હવે ઢીંગલા- ઢીંગલીનું સ્થાન પ્રાણીઓએ લેવા માંડ્યું. એમાં સૌથી પહેલી દોસ્તી થઈ એક સાવ નાના બકરાના બચ્ચા સાથે. એનું નામ રાખ્યું જ્યુનિકસ. મેડલીન એને હાથમાં લઈને ફરતાં. થોડા વખતમાં બાજી બદલાઈ ગઈ. એ બકરો એટલો મોટો થઈ ગયો કે બકરાગાડીમાં બેસાડીને જ્યુનિકસ મેડલીનને બગીચામાં ફેરવવા લાગ્યો!

મેડલીન આઠ વર્ષનાં થયાં ત્યારે તેમના પિતાની નિમણૂક લંડનમાં થઈ. જ્યુનિકસને મિલ્ટન હીથમાં રહેવા દેવો પડ્યો. એની ખોટ પૂરવા સ્કૉટલેન્ડનો એક ટેરિયર કૂતરો આવ્યો. એ ઝીંથરાલાલને સહુ રેગ્ઝ કહેતાં. લંડનના વસવાટ દરમિયાન રાણી વિક્ટોરિયા અવસાન પામ્યાં અને તેની સાથે એક જાજ્વલ્યમાન નારી અને તેમની મુદ્રાથી અંકિત યુગ બન્ને વિદાય થયાં. અહીંના વસવાટ દરમિયાન, લખવા-વાંચવાનું ત્રાસરૂપ લાગતું શિક્ષણ શરૂ થયું. ક્યાં ખુલ્લા જગતની આકર્ષક સૃષ્ટિ અને ક્યાં આ મનુષ્યોએ વહોરેલો માથાનો દુખાવો? જ્યુનિકસ અને રેગ્ઝની બાલસખીને નિશાળ ક્યાંથી ગમે? પણ મા ભારે સમજદાર

હતાં. તેમણે ભણતરને પરાણે ઠોકી બેસાડવાના પ્રયત્નો ન કર્યા. પરિણામે શિક્ષણ અને દીકરી બન્ને સચવાઈ ગયાં.

મેડલીનની માતા અને પિતરાઈ બહેન લ્યુસીને વનસ્પતિસૃષ્ટિમાં ખૂબ રસ હતો. મીઠી મીઠી સુગંધથી ભરેલી ઝાડીઓ અને ઊંચીનીચી ટેકરીઓમાં સવારથી સાંજ સુધી રખડીને થાકચાંપાકચાં ઘેર આવવાનું થાય અને ઘેર પહોંચતાં જ સરસ વાળુ રાહ જોતું હોય. જમીપરવારીને ગીતોની રમઝટ ચાલે. આવી રઝળપાટમાં મોટરાંની હારોહાર ચાલવા માટે મેડલીન માટે રાખવામાં આવ્યો હતો એક ગધેડો. એનું નામ સ્પાર્ટન. રખડપટ્ટીની સાથે સાથે જંગલી અને ગ્રામીણ ફૂલોનો પરિચય થાય. આ એમનું સીધેસીધું વનસ્પતિશાસ્ત્ર. એ શાસ્ત્રને માથે પંખીઓ ઊડતાં હોય, એમના કલરવથી વાતાવરણ સંગીતમય બને, અને પ્રવેશ થાય એક નવી દુનિયાના અંતરંગમાં. એ અલૌકિક સૃષ્ટિને મોટરો અને હવાઈ જાહાજોના ઘોંઘાટોએ પીંખી નાખી હતી અને મિલ્ટન હીથના જૂના દિવસોનો આનંદ આથમી રહ્યો હતો.

૧૯૦૩માં મેડલીનના પિતા ગ્રિનીચની રોયલ નેવલ કૉલેજમાં કેપ્ટન નિમાયા. ત્યાંના મકાનોની સ્થાપત્યરચનાને કારણે વળી એક નવી બારી ઊઘડી. નૌકાદળના અમલદારોનાં મકાનો ટેમ્સને કાંઠે હતાં. તેમાંય મેડલીનના ઘરની એક બારી સીધી નદી પર પડતી. અહીં કલાકો સુધી બેસીને અસંખ્ય વહાણોની આવજા એમણે નિહાળેલી. ટેમ્સને કાંઠે બેઠેલી એ કન્યા બાળપણમાંથી કૌમાર્યમાં પ્રવેશતી હતી. અવસ્થાના આ સંધિકાળે નવી ઊર્મિઓ, નવા વિચારો અને નવતર અનુભૂતિઓ પણ કોઈક અતિથિની જેમ આવી પડતી. આમ છતાં, આ બધું હંમેશાં સુખદ નહોતું લાગતું. એમાંથી ઘણી વાર માત્ર બેચેની અને અસંતોષ જ પ્રકટી ઊઠતાં.

અહીંનાં મકાનોની સ્થાપત્યરચના જોઈને મેડલીનને સ્થાપત્યકલામાં રસ પડવા માંડ્યો. સંગીતનાં બારણાં હજુ ખૂલ્યાં ન હતાં. પરંતુ પિતાજીની બીજી નિમણૂક પોર્ટસ્મથની રોયલ નેવલ ટ્રેનિંગ કૉલેજમાં થઈ. અહીં એમણે પિયાનો ખરીદ્યો. એ નવા પિયાના ઉપર એક તરજ મેડલીને સાંભળી. એ હતી બિથોવનની સોનાટાની તરજ. એણે મેડલીનનાં હૃદયદ્વાર ઉઘાડી નાખ્યાં. પછી તો બિથોવનની બીજી સોનાટા લાઇબ્રેરીમાંથી મંગાવી. એ સંગીતે મેડલીનમાં એક અભૂતપૂર્વ ભાવના જગાડી. જે અગમ્ય નાદ

અત્યાર સુધી કુદરતમાંથી સંભળાતો હતો તે, હવે બીજા મનુષ્યજીવ દ્વારા વધારે નિકટ અનુભવાતો. સંગીતની પરખ ન હોવા છતાં મેડલીન એ સાંભળ્યા જ કરતાં. એમાંથી એમને સંગીતનીય પાર વસેલું 'કંઈક' આવી મળતું. એ હતું બિથોવનના આત્મા સાથેનું અનુસંધાન, જે ક્રમશઃ વિરહની અકળ વેદના જન્માવતું: 'અરે, રે! હું સો વર્ષ મોડી શે જન્મી? હે ભગવાન! તેં મને એમનો સાક્ષાત્કાર કરાવ્યો તો પછી અમારી વચ્ચે આટલું અંતર શું કામ મૂક્યું?' આ વસવસો એ મેડલીનનો સ્થાયી ભાવ બની રહ્યો.

બિથોવનની લેહ લાગી તેની સાથે તેને વિશે બધું જાણવાની, જોવાની ઉત્કંઠા સળવળવા માંડી. એ અરસામાં એમના જીવનની ઘટમાળમાં પલટો આવ્યો. કેપ્ટન સ્લેડમાંથી એડ્મિરલ સ્લેડ બનેલા પિતા હિંદુસ્તાનમાં ઈસ્ટ ઈન્ડિઝ મથકના વડા સેનાપતિ નિમાયા. આ કારણે આખા કુટુંબને ભારત જવાનું નિર્માણ થયું. મેડલીનના મનમાં સુખદુઃખની મિશ્ર લાગણીઓનું ઘમસાણ ચાલ્યું. બિથોવન ઉપર ઠરેલા મનને ભારતનુંય ખેંચાણ નિમંત્રણ આપતું હતું! આખરે ભારત માટેના કાફલામાં પિતા, માતા, રોહના, મેડલીન અને બર્થાએ સફરની તૈયારીઓ શરૂ કરી અને ભારત પહોંચ્યાં. ત્યાં જતાંની સાથે જ સામાજિક મિલનો અને દોરદમામ શરૂ થઈ ગયાં. મેડલીન નૃત્ય કરતાં શીખ્યાં ન હતાં એટલે રોહનાએ તેમને નાચવાનું શિખવાડવા માંડ્યું પરંતુ મેડલીનની ઊલટ મંદ રહી. હા, ઘોડેસવારી કરવાની એમને બહુ મજા પડતી. એવી તકો તેમને મુંબઈમાં, સિલોનમાં મળતી રહી.

તે વેળા મુંબઈના ગવર્નર સર જ્યોર્જ ક્લાર્ક વિધુર હતા. એમનાં પત્ની અને પુત્રી બન્ને ગુજરી ગયેલાં તેથી ગવર્નર્સ હાઉસના સ્વાગત સમારંભોમાં સ્ત્રીની ઊણપ વરતાતી. આવા પ્રસંગે ગવર્નર શ્રીમતી સ્લેડ, રોહના અને મેડલીનને બોલાવતા. શ્રીમતી સ્લેડ મહેમાનોની આગતાસ્વાગતા કરતાં અને બન્ને બહેનો ગવર્નરના એ.ડી.સી.ની કામગીરી સંભાળતી. આવી ફરજ બહુ લાંબો વખત બજાવવાની ન આવી. થોડા વખતમાં સર જ્યોર્જે બીજાં લગ્ન કર્યાં અને ગવર્નર્સ હાઉસમાં લક્ષ્મીનાં પાદસંચાર થયો. તે પછી સ્લેડકુટુંબ થોડો વખત સિલોન ફરી આવ્યું. બીજે વર્ષે પર્શિયાના અખાતની મુસાફરી દરમિયાન કેટલાક આરબ દેશોની મુલાકાત

લીધી, શેખોની વિચિત્રતાઓનો અનુભવ કર્યો અને બે વર્ષને અંતે સ્વદેશ પાછાં ફર્યાં.

મેડલીને હવે, જ્યાં બિથોવનનું સંગીત મુખ્ય હોય એવા, લંડન શહેરમાં યોજાતા જલસાઓમાં જવા માંડ્યું. પ્રથમ વિશ્વયુદ્ધે કરેલી હોનારતનો અનુભવ લીધો, અને પ્રજા પ્રજા વચ્ચેનાં વૈમનસ્ય ઇષ્ટ તત્ત્વોને કેવાં ગ્રસી જાય છે તેનો પરિચય કર્યો. વિશ્વયુદ્ધ પછી થોડા સમયમાં મેડલીનનાં માતામહનું અવસાન થયું તેની સાથે ભર્યાભર્યા બાળપણની એક પ્રાણવાન કડી તૂટી ગઈ. જાણે કે આખેઆખું મિલ્ટન હીથ મેડલીનના જીવનમાંથી ચાલ્યું ગયું.

આવી ધૂપછાંય વચ્ચે, બિથોવનની રટણા રહી રહીને અખંડ ચાલ્યા કરતી. બિથોવનને પામવાના એક ઉપક્રમરૂપે મેડલીન થોડુંક જર્મન શીખ્યાં અને વિયેના પહોંચ્યાં. ત્યાં જઈને બિથોવનની કબર ખોળી કાઢી અને કબર સામે ભાવસમાધિમાં લીન થઈ ગયાં. એ જ ભાવસ્થિતિમાં, ગામડા તરફ જતી એક ખીણને રસ્તે તેમણે ચાલવા માંડ્યું. એ રસ્તેથી જ બિથોવન જતા-આવતા એવું એમણે સાંભળેલું. માર્ગે જતાં-આવતાં બિથોવનના શરીરનો કે હાથનો સ્પર્શ વનવેલીઓને થયો જ હશે એમ માની રસ્તે આવતા છોડ ઉપરથી થોડાંક પાંદડાં ચૂંટી લઈ, બિથોવનની સ્મૃતિરૂપે મેડલીને સંઘરી રાખેલાં.

પરંતુ આવા બાહ્ય ઉપચારોથી અંતરની તરસ શેં છીપે? મેડલીન તો બિથોવનને પૂરેપૂરો આત્મસાત્ કરવા ઇચ્છતાં હતાં, એમને વિશે જાણી શકાય એટલું જાણવા માગતાં હતાં. એક રોમાં રોલાં જ આ બાબતમાં માર્ગદર્શક થઈ શકે તેમ હતા. મેડલીને રોમાં રોલાંનો સંપર્ક આરંભ્યો અને એકબે પત્રોની આપલે પછી વિલનવ જઈ રોલાંને મળ્યાં. રોલાંએ તે સમયે મહાત્મા ગાંધી નામની પુસ્તિકા લખી હતી અને તે મુદ્રણ માટે પ્રેસમાં હતી. વાતચીતમાં તેમણે મેડલીનને પૂછ્યું, 'તમે ગાંધી વિશે કંઈ સાંભળ્યું છે ખરું?' મેડલીને જવાબ નકારમાં આપ્યો. રોમાં રોલાંએ કહ્યું: 'એ તો બીજા ઈશુ ખ્રિસ્ત છે.' આ શબ્દો મેડલીનના હૈયામાં કોતરાઈ ગયા.

યુરોપનો પ્રવાસ પૂરો કરી અને પાછાં વળતાં મેડલીને એ પુસ્તિકા કોઈક બુકસ્ટોરમાં જોઈ અને ખરીદી લીધી. બપોરના ભોજન પછી

એ ચોપડી હાથમાં લીધી અને સાંજ સુધીમાં પૂરી કરી નાખી. એ વાચનના પ્રતિભાવરૂપે જે વાત મનમાં ઊગી તે નોંધતાં મેડલીને લખ્યું છે કે, ''જેના આગમનના મને ભણકારા વાગતા હતા એ 'કંઈક' શું છે તે હવે મને સમજાયું. મારે મહાત્મા ગાંધી પાસે જવાનું હતું.'' હિન્દુસ્તાનની ભૂમિ તેમને પોકારી રહી હતી અને એ સાદ અટલ હતો. લંડન પહોંચીને તેમણે પી એન્ડ ઓના વહાણમાં મુસાફરી માટે એક જગ્યા રિઝર્વ્ડ કરાવી. પછી માબાપને વાત કરી. દીકરીના અંતરમાં ઊઠેલી પ્રેરણાની ગંભીરતા તેઓ સમજી ગયાં અને તેનો નિર્ણય ફેરવવા કશી દલીલ ન કરી. પરંતુ મેડલીનને સમજાયું કે કંઈક બિનજરૂરી ઉતાવળ થઈ રહી છે. ગાંધીજી તેમનો સ્વીકાર કરે તે પહેલાં કેટલીક તાલીમ અનિવાર્ય હતી. આવું ભાન ઊગ્યું કે તરત જ મેડલીને પી એન્ડ ઓ કંપનીમાં જઈ ટિકિટની મુદત બાર મહિના લંબાવી દીધી, અને જાતને નવી તાલીમ માટે તૈયાર કરવા માંડી. ગાંધીજીની સાથે રહેવા માટેની તાલીમમાં કાંતવું-વણવું, દારૂમાંસ છોડી શાકાહારી બનવું, પલાંઠી વાળીને બેસતાં અને જમીન પર સૂતાં શીખવું અને એકબીજા સાથે વાતચીત કરવા હિન્દુસ્તાની ભાષા શીખવી એ બધું જરૂરી લાગ્યું. આ તાલીમ અર્ધે રસ્તે પહોંચી ત્યાં ૧૯૨૪ના સપ્ટેમ્બર માસમાં છાપામાં સમાચાર આવ્યા કે હિંદુમુસ્લિમ એકતા માટે મહાત્મા ગાંધીએ એકવીસ દિવસના ઉપવાસ શરૂ કર્યા છે. આ સમાચાર મેડલીન માટે બાહુ વેદના ભરેલા હતા. મૂંગી પ્રાર્થના સિવાય એ બીજું કરી પણ શું શકે? રોજના ચિંતાપ્રેરક સમાચારોને અંતે, ઑક્ટોબરમાં ગાંધીજીનું અનશન હેમખેમ પાર પડ્યાના સુખદ ખબર મળ્યા. તેના આનંદ ઉત્સાહમાં મેડલીને, પોતે કરેલા નિર્ણયની જાણ કરી, સાબરમતી આશ્રમમાં રહેવા આવવાની ઇચ્છા દર્શાવી. તેના જવાબમાં તા. ૨૪ જુલાઈ ૧૯૨૫ના દિને, કલકત્તાથી લખાયેલો પત્ર આવ્યો. પત્રમાં ગાંધીજીએ લખ્યું હતું:

'અહીં આવવાની ઇચ્છા થાય ત્યારે તમે ખુશીથી આવી શકો છો. તમે જે વહાણમાં આવવાનાં હો તેની મને આગળથી ખબર આપશો તો તમને લેવા સ્ટીમર ઉપર કોઈને મોકલીશ. એ તમને સાબરમતી આવવા માટેની આગગાડીમાં બેસાડશે. એટલું જરૂર ધ્યાનમાં રાખજો કે આશ્રમનું જીવન બાહુ સહેલું નથી. ખૂબ મહેનતુ જીવન છે. દરેક

આશ્રમવાસીએ શારીરિક શ્રમ કરવાનો હોય છે. આ દેશની આબોહવા વિશે પણ જરા વિચાર કરવા જેવું છે. આ બધું તમને ડરાવવા માટે નહીં પણ ચેતવવા માટે લખું છું.'

તાલીમનું એક વર્ષ પૂરું થતાં તેમણે ભારત જવાનું નક્કી કર્યું. તેમનાં મા અને રોહના લંડન સ્ટેશને વિદાય આપવા આવ્યાં હતાં. પિતાજી તે વેળા પૅરિસમાં હતા અને દીકરીને પૅરિસથી વિદાય આપવાના હતા. માતાપિતામાંથી કોઈએ, મેડલીને કરેલા નિશ્ચયને ફેરવવાનો પ્રયત્ન કર્યો ન હતો. એક અંગ્રેજ પરિવારે તેની પરંપરાગત ગરિમા પ્રમાણે મેડલીનને વિદાય આપી હતી. પિતાજીએ પણ, આખરી જુદાઈની વેળાએ માત્ર એટલું જ કહ્યું હતું કે, 'સાચવીને રહેજે.' એક સર્વોચ્ચ અંગ્રેજ અમલદારને માટે, પોતાના પંડની દીકરીને અંગ્રેજ રાજ્યની સામે બળવો જગાડનારની પાસે જતી જોવાનું સહેલું તો નહોતું જ. પૅરિસથી રોમાં રોલાં તથા તેમનાં બહેનને મળી મેડલીને યુરોપ છોડ્યું ત્યારે રોલાં ભાઈબહેનની આંખોમાંથી અવ્યક્ત સૂર મેડલીનને સંભળાયો હતો: 'તું કેટલી ભાગ્યશાળી છે!'

## ૩

૧૯૨૫ના નવેમ્બરની સાતમી તારીખે સવારે ૭-૪૫ની ગાડીમાં આવનારા એક યાત્રીના સ્વાગત અર્થે ત્રણ મહાનુભાવો અમદાવાદના રેલવે સ્ટેશને હાજર હતા. એ હતા – મહાદેવ દેસાઈ, વલ્લભભાઈ પટેલ અને સ્વામી આનંદ. આવનારાં યાત્રી હતાં કુ. મેડલીન સ્લેડ. તા. ૬ નવેમ્બરે, મુંબઈના બારામાં ઊતર્યાં ત્યારે તેમને લેવા આવેલા મિત્રો, દાદાભાઈ નવરોજીના મલબાર હિલ ઉપરના નિવાસે લઈ ગયેલા. દાદાભાઈનાં પૌત્રપૌત્રીઓએ એકાદ દિવસ મુંબઈમાં રોકાઈ જવા ખૂબ આગ્રહ કરેલો. બપોરે ગાંધીજીના સૌથી નાના પુત્ર દેવદાસ ગાંધી મળવા આવ્યા તેમણે પણ એ આગ્રહનું સમર્થન કરેલું. પણ મેડલીનનું મન તો સાબરમતી આશ્રમ ઉપર જ ચોંટેલું. બધા આગ્રહોને સવિનય ઠેલીને તે જ રાત્રે અમદાવાદ જવાનો નિર્ણય તેમણે અકબંધ રાખેલો.

અમદાવાદ ઊતરતાં જ વલ્લભભાઈએ, મહાદેવભાઈ અને સ્વામીને સામાન સંભાળી લઈ આવવા જણાવ્યું અને પોતે મેડલીનને મોટરમાં

લઈને નીકળ્યા. આશ્રમ સુધી પહોંચતાં પહોંચતાં 'આશ્રમ આવ્યો? આશ્રમ આવ્યો?' એવું ધ્રુવપદ મેડલીનના મુખેથી વલ્લભભાઈને વારંવાર સાંભળવા મળેલું. થોડા વખત પછી, મોટર, આમલીના એક મોટા ઝાડ નીચે આવીને ઊભી રહી. પાસેથી એક સાંકડો ઈંટેરી રસ્તો જતો હતો અને તેની આસપાસ પપૈયાનાં ઝાડ વાવેલાં હતાં. સામે છેડે એક સાદું મકાન દેખાતું હતું. એનાં પગથિયાં વટાવી આગન્તુકો ઓશરીમાં પ્રવેશ્યાં. મેડલીનના હાથમાં એક નાનકડી પેટી હતી તે તેમણે વલ્લભભાઈના હાથમાં સોંપી દીધી. વલ્લભભાઈ તે લઈને એક બાજુએ ઊભા રહી ગયા અને મેડલીનને ઓરડીમાં દાખલ થવાની તક આપી. ઓરડીમાં દાખલ થતાં એક ઘઉંવર્ણી, દૂબળીપાતળી આકૃતિ ઊઠીને સામે આવી. મેડલીનને કેવળ પ્રકાશ સિવાય બીજા કશાનું ભાન ન રહ્યું. મેડલીને ઘૂંટણિયે પડી એ આકૃતિને વંદના કરી. આકૃતિએ બે હાથે, પ્રેમથી તેમને ઊભાં કર્યાં અને કહ્યું, 'તારે મારી દીકરી થવાનું છે.' માયાળુ વિનોદથી ચમકતો અને સ્નેહભરી આંખોવાળો એક હસતો ચહેરો મેડલીનની નજરે પડ્યો. હા, એ જ હતા મહાત્મા ગાંધી. થોડા જ વખતમાં એ 'બાપુ' બની ગયા અને મેડલીન બન્યાં મીરાં. મેડલીનનો એ હતો બીજો અવતાર અને એ જ તેમનો સાચો અવતાર.

બીજા અવતારનું પહેલું દ્વિજકર્મ તે કાંતતાંપીંજતાં શીખવાનું. બાપુએ તેની ભાળવણી તુલસી મહેરને કરી અને હિન્દુસ્તાની શીખવવાનું કામ સોંપ્યું સુરેન્દ્રજીને. પાયખાનાં સાફ કરવાની પ્રવૃત્તિ માટે એક ચીની આશ્રમવાસી શાન્તિની સાથે જોડાવા ગોઠવણ કરી. પછી ઘડી આપ્યું આખા દિવસનું સમયપત્રક. છેલ્લે મીરાંબહેનને તેમના શિક્ષકોનો પરિચય કરાવ્યો.

ગાંધીજીના રોજિંદા જીવનના કેન્દ્રમાં પ્રવેશ મેળવ્યા પછી મીરાંબહેનને લાગવા માંડ્યું કે વહેલી પરોઢથી તે રાત્રે સૂતાં સુધી, પોતે બાપુનાં દર્શનની ક્ષણો માટે જ જીવતાં હતાં. એમની પાસે હોવું એ જાણે સ્વત્વ ભૂલીને ઊંચે ઊઠવા બરાબર હતું. બાપુનો દેખાવ ખાસ ભવ્ય ન હતો. બોલવાની રીત પણ નોંધપાત્ર ન હતી, પરંતુ સર્વને વશ કરી લે એવી ચીજ હતી તેમની સાદાઈ. એમની સમક્ષ હોઈએ ત્યારે એક મહાન આત્માની સંમુખ હોવાનો અને તેમની હાજરીમાં, શાંત, આત્મશ્રદ્ધાથી

પરિપૂર્ણ એવી સર્વવ્યાપી આધ્યાત્મિક શક્તિનો ભાસ થતો. તેમનું આખું વ્યક્તિત્વ ખૂબ જ અંતઃસ્પર્શી તેમ જ માનવતાથી ભરેલું હતું.

એ દિવસોમાં મીરાંબહેનનો અભ્યાસ, રસોઈ અને સફાઈમાં એટલો વખત જતો કે સવારસાંજની પ્રાર્થનામાં અને રાત્રે બાપુ તેમના આંગણામાં ખુલ્લા આકાશ નીચે ખાટલામાં આડા પડે ત્યારે મળતા અડધા કલાક સિવાય ભાગ્યે જ બાપુનાં દર્શન થતાં. એ વખતે બા તેમને માથે અને સુરેન્દ્રજી પગે મર્દન કરતા. મોટા ભાગની વાતચીત ગુજરાતીમાં થતી પરંતુ મીરાંબહેન સાથે વાત કરતી વખતે બાપુ અંગ્રેજીમાં બોલતા.

બાપુમાં મીરાંબહેને જે કલ્પ્યું હતું તે બધું જ અને તેના કરતાંય કંઈક વધારે જોવા મળ્યું હતું, પરંતુ આશ્રમજીવન સમગ્ર દુનિયાના દૈનિક જીવનના નાના નમૂના જેવું લાગતું. બાપુના કડક નિયમોની ભાતભાતની અસર થતી અને તેને પરિણામે બધાની મનોદશા તંગ રહેતી. એમાં મીરાંબહેનના આવવાથી એક નવા પ્રશ્નનો ઉમેરો થયો. એક બાજુ સંસારીઓ હતા અને બીજી બાજુ વૈરાગીઓ. મીરાંબહેન આપોઆપ વૈરાગીઓના વર્ગમાં ગોઠવાઈ ગયાં.

આશ્રમમાં આવ્યાને માંડ પંદર દિવસ થયા હશે ત્યાં તો આશ્રમશાળાનાં બાળકોની શિથિલતાને કારણ ગાંધીજીએ ઉપવાસ કર્યા. એક અઠવાડિયા પછી પહેલી ડિસેમ્બર ૧૯૨૫ના દિને ઉપવાસ પૂરા થયા. ઉપવાસ પછી તબિયત ઠેકાણે આવવા લાગી ત્યાં તો બાપુને વર્ધા જવાનો વખત આવ્યો. વર્ધામાં વિનોબા ભાવે બ્રહ્મચારીઓનો આશ્રમ ચલાવતા. બાપુની સાથે મીરાંબહેને પણ જવું એવો નિર્ણય થયો. આ પ્રવાસમાં બાપુની લોકપ્રિયતાનો પરિચય મીરાંબહેનને થયો પરંતુ સાથે સાથે બાપુના મૃદુ સ્વરૂપનાં દર્શન થયાં.

વર્ધા આશ્રમ એ સાબરમતી આશ્રમ કરતાં જુદા જ પ્રકારનું કેન્દ્ર નીકળ્યું. એ જોઈને મીરાંબહેન ખૂબ ઉત્સાહિત થયાં. એમણે જે પ્રકારના આશ્રમજીવનની કલ્પના કરી હતી તેની સાથે વર્ધા આશ્રમ ઘણો મળતો હતો. સંસ્થાના સિદ્ધાંતોને દિલથી માનનારા થોડાક માણસોનું એ સુગ્રથિત મંડળ હતું. બાપુના આદર્શો અને પ્રયોગોનું અહીં ઝીણવટથી પાલન થતું. વિનોબા બહુ સંયમી અને સંશોધક હતા.

વર્ધાના શાંત અને નિયમબદ્ધ સાધુજીવનમાંથી, ૧૯૨૫ની ૨૩મી ડિસેમ્બરે, ગાંધીજી સાથે મીરાંબહેન કાનપુરના કૉંગ્રેસ અધિવેશનમાં ગયાં. બાપુએ તેમનો કાર્યભાર સરોજિની નાયડુને સોંપ્યો. કૉંગ્રેસના કાનપુર અધિવેશન પછી તેઓ સાબરમતી પાછા આવ્યાં. બાપુએ હવે એક વર્ષ આશ્રમમાં જ રહેવાનો નિર્ણય કર્યો હતો. આશ્રમમાં મીરાં-બહેનનો દૈનિક કાર્યક્રમ એટલો બધો ભરચક હતો કે એક જગ્યાએથી બીજી જગ્યાએ જતાં કેટલી મિનિટો લાગતી તેનો પણ હિસાબ રાખવો પડતો. આ દૈનિક કાર્યક્રમ ઘડિયાળને ટકોરે થતી સામૂહિક પ્રાર્થનાથી શરૂ થતો અને સાયંપ્રાર્થના પછી પૂરો થતો. એમાં પૂણી બનાવવાનું, કાંતવાનું, હિંદીનો અભ્યાસ કરવાનું, પાયખાનાં સાફ કરવાનાં, એવાં એવાં કામો ઉપરાંત મીરાંબહેનને ફાળે ચીની વિદ્યાર્થી શાંતિને અંગ્રેજી શીખવવાનું આવ્યું હતું. વળી એક જૂના દરદીની રોજ એક કલાક સારવાર કરવાની હતી. પોતાનું રાંધવાનું, કપડાં ધોવાનું અને નાહવા-ધોવાનું તો જુદું જ.

ઇંગ્લન્ડથી નીકળતાં પહેલાં એમણે ખાદીનાં કપડાં સિવડાવ્યાં હતાં તે અત્યાર સુધી ચાલતાં હતાં. બાપુ પણ મીરાંબહેન હિંદી પોશાક પહેરે તેની તરફેણમાં ન હતા. એક વાર અનસૂયાબહેને એમને સાડી પહેરાવી તે બાપુને ગમ્યું નાહીં હોય તેમ છતાં તેમણે તેમનો આણગમો દબાવી મીરાંબહેનને એટલું જ કહ્યું કે, 'જો બહુ મન હોય તો સાડી પહેરવી, પણ તે સાવ સફેદ હોવી જોઈએ. કોરવાળી નાહીં.' બાપુની ટકોર પછી ખાદી ભંડારમાંથી સફેદ સાડી મંગાવી મીરાંબહેને પહેરવા માંડી.

આ પછી બ્રહ્મચર્યનું વ્રત લેવાની અને માથાના વાળ કપાવી નાખવાની મીરાંબહેનની ઇચ્છા થઈ. આ બાબત ગંભીર હતી એટલે બાપુએ થોડોક વખત થોભી જવા સૂચવ્યું અને આખરી મંજૂરી આપતાં પહેલાં આશ્રમની બહેનો સમક્ષ આ વાત મૂકવાનું વિચાર્યું. બહેનોમાં લગભગ બધી જ વાળ કપાવવાની વિરુદ્ધ હતી, પણ મીરાંબહેન મક્કમ રહ્યાં અને બાપુએ સાહજ રીતે તેમના વાળ કાપી નાખ્યા. એ અરસામાં દીનબંધુ એન્ડ્રૂઝ આશ્રમમાં આવ્યા. તેમને કાંતતાં શીખવવાની કામગીરી બાપુએ મીરાંબહેનને સોંપી. થોડા દિવસ પછી બાપુ રહેતા હતા તેની પાસે, નદીકાંઠ આવેલી બે ઓરડીમાંની એકમાં રહેવાની બઢતી તેમને મળી.

બાપુ પાસે આવ્યાને એક વર્ષ થયું હશે ત્યાં તેમના પિતાજીની ગંભીર માંદગીના સમાચાર આવ્યા, અને પછીના થોડા દિવસમાં તેમના અવસાનનો તાર મળ્યો. મીરાંબહેનની ઇચ્છા હોય તો થોડો વખત ઇંગ્લૅંડ જઈને મા પાસે રહેવા બાપુએ સૂચવ્યું. મીરાંબહેનના મનમાં એવો વિચાર જ નહોતો, પરંતુ મદ્રાસ ઇલાકામાં રહેતી મોટી બહેન રોહના અને તેના પતિ હેરલ્ડ વર્નન માને મળવા જવા મુંબઈથી પસાર થવાનાં છે એવો તાર આવ્યો એટલે મીરાંબહેન બાપુની રજા લઈ મુંબઈ ગયાં.

મુંબઈથી પાછાં આવ્યાં ત્યારે બાપુ તેમની આત્મકથા, 'સત્યના પ્રયોગો', હપતે હપતે નવજીવન માટે લખતા હતા અને મહાદેવભાઈ તેનો અંગ્રેજીમાં અનુવાદ કરતા હતા. એનું અંગ્રેજી તપાસવાનું કામ મીરાંબહેનને ભાગે આવ્યું. આ કામને કારણે મહાદેવભાઈ અને પ્યારેલાલના પરિચયમાં આવવાનું થયું.

૪

આશ્રમના વસવાટના પહેલા વર્ષમાં મીરાંબહેને હિંદી શીખવા ઘણી મથામણ કરી છતાં સંતોષકારક પ્રગતિ થતી ન હતી. બાપુને પણ એમ જ લાગતું. ગુજરાતી બોલતાં મોટા ભાગનાં આશ્રમવાસીઓની વચ્ચે એ કામ મુશ્કેલ હતું. આશ્રમમાં રહીને બાપુથી દૂર રહેવું તેના કરતાં કોઈ જુદા વાતાવરણમાં અને તેમાંય કોઈ હિન્દીભાષી વિસ્તારમાં રહેવાનું ગોઠવાય તો બન્ને બાબતોમાં મન હળવું થાય એ દૃષ્ટિએ ઉત્તર હિન્દુસ્તાનમાં જવા વિશે તેમણે બાપુની સલાહ માગી. બાપુને આ સૂચન ગમ્યું તેથી દિલ્હીમાં, દરિયાગંજમાં આવેલા કન્યા ગુરુકુળમાં તેમને મોકલવાનું નક્કી કર્યું. મીરાંબહેન ત્યાં ગયાં પણ મન ન ઠર્યું. એનું શુષ્ક અને કલાવિમુખ વાતાવરણ મનને વધારે વ્યગ્ર બનાવતું હતું. અહીંના નિવાસ દરમિયાન આર્યસમાજના વિખ્યાત નેતા સ્વામી શ્રદ્ધાનંદને મળવા જવાની તક મળી. તે પછી થોડાક જ દિવસમાં સ્વામીજીની હત્યા થઈ અને કન્યા ગુરુકુળનું વાતાવરણ ગ્લાનિમય બની ગયું. આથી મીરાંબહેને ગુરુકુળ કાંગડી જવા વિશે બાપુને પૂછ્યું. ગુરુકુળ કાંગડીમાં સ્ત્રીઓને રાખવા માટેની જોગવાઈ ન હતી તેમ છતાં, અપવાદ કરીને, મીરાંબહેન માટે જગ્યા ફાળવવામાં આવી. જરાક આઘે એવા એક અતિથિગૃહમાં એમને ઉતારો આપવામાં

આવ્યો. ઉતારાનાં આસપાસ • નું ફળિયું હતું, બધાંનું વર્તન પણ માયાળુ. હિંદીના અભ્યાસ માટે અહીં ગોઠવણ કરવામાં આવી. મીરાંબહેન ૧૯૨૭ના જાન્યુઆરીમાં ગુરુકુળ કાંગડી ગયાં હતાં. એ જ સંસ્થાની રજતજયંતી માર્ચમાં ઊજવવાની હતી અને તે પ્રસંગે ગાંધીજી આવવાના હતા અને મીરાંબહેન રહેતાં હતાં એ જ અતિથિગૃહમાં ઊતરવાના હતા. મીરાંબહેન અભ્યાસમાં ઠરીઠામ થાય તે પહેલાં જ એમના સ્વાગતની તૈયારીઓમાં પડી ગયાં. ઘણા વખત પછી બાપુને મળવાનું થશે એનો મનમાં થનગનાટ થવા માંડચો. બાપુ જ્યારે આવ્યા ત્યારે મીરાંબહેન બહારથી તો શાંત હતાં, પરંતુ તે દિવસે પ્રાર્થના પછી બધી લાગણીઓ ઊભરાઈ ઊઠી. ફળિયામાં જઈ તેઓ ખૂબ રડચાં. કોઈકે આ જોયું ને વાત બાપુ પાસે પહોંચી. બાપુને પણ વ્યથા થઈ. પછી તેમણે મીરાંબહેનને બોલાવી કહ્યું: 'આ કેવું કહેવાય ?' આ બનાવ પછી મીરાંબહેને દૂર રહેવાની ટેવ પાડવી જ જોઈએ એમ બાપુને સમજાઈ ગયું.

જરાય આશા ન હતી તેમ છતાં ગાંધીજી તેમની સાથે લઈ જાય તો કેવું સારું એવો ભાવ મીરાંબહેનના મનમાં ઊઠચા કરતો. પરંતુ ગાંધીજીએ તો તેમને બીજે સ્થળે મોકલવાનું વિચારવા માંડચું. આ બીજું સ્થળ તે જમનાલાલ બજાજે સૂચવેલો રેવારીમાં આવેલો ભગવદ્ભક્તિ આશ્રમ. આ આશ્રમનું વાતાવરણ નવું અને રસિક હતું પરંતુ બાપુથી છૂટા પડચાનું દુ:ખ વસમું લાગતું. બાપુનો પત્ર તરત આવ્યો :

'આજે છૂટા પડવાનું કપરું હતું કારણ કે તને દુ:ખ થતું હતું તે મને દેખાતું હતું. તું સંપૂર્ણ સ્ત્રી બને એમ હું ઇચ્છું છું. તારી બધી ખામીઓ દૂર થાય એવી મારી ઇચ્છા છે....

ડર કાઢી નાખજે. આ શરીર ધરાવતા મને વળગીશ નહીં. અશરીરી આત્મા તો હંમેશાં તારી સાથે જ છે. અશરીરી આત્મા સંપૂર્ણ છે. એ આત્મા પેલા હાડચામના શરીરમાં પુરાઈ રહેલા, અને શરીરને વારસામાં મળેલી બધી મર્યાદાઓથી રૂંધાયેલા, આત્મા કરતાં ઘણો મહાન છે. આપણે આને જ સાધવાનો છે. પરંતુ તેનો અનુભવ અનાસક્તિ વિના શકય નથી. એ અનાસક્તિ કેળવવાનો તારે પ્રયત્ન કરવો જોઈએ.

તારી જગ્યાએ હું હોઉં તો આ રીતે આગળ વધું. પણ તારે પોતાની રીતે જ પ્રગતિ કરવી જોઈએ. એટલે મેં જે કહ્યું તેમાંથી તારા હૃદય અથવા બુદ્ધિને જે વસ્તુ ન રુચે તે છોડી દેજે. ગમે તે ભોગે તારું વ્યક્તિત્વ તારે સાચવવું જ જોઈએ. જરૂર લાગે ત્યારે મારો વિરોધ કરજે, કારણ તારે માટે આટલો સ્નેહ હોવા છતાં તારે માટેના મારા નિર્ણય ખોટા હોઈ શકે. તારે મને ભૂલોથી પર ન માનવો જોઈએ.'

ભગવદ્‌ભક્તિ આશ્રમનું જીવન શાંત અને સરળ હતું, પરંતુ અહીંના લોકો ભાંગ બનાવીને પીતા હતા. મીરાંબહેને આ વિશે બાપુને લખ્યું. એમણે જમનાલાલજીને મોકલીને ભાંગમય વાતાવરણ સાફ કરાવ્યું.

બાપુએ સૂચવેલી 'અનાસક્તિ' કેમ કેળવવી એની ગડભાંજ મીરાંબહેનના મનમાં ચાલતી હતી ત્યાં અચાનક મહાદેવભાઈનો તાર આવ્યો કે બાપુ લકવામાંથી માંડ માંડ બચી ગયા. લોહીનું ઊંચું દબાણ હજુ ચાલુ છે અને દાક્તરોએ આરામ લેવા કહ્યું છે. આ સમાચારથી અનાસક્તિના બધા વિચારો હવામાં ઊડી ગયા. હિંદી ભણવાનું ભૂત મનમાંથી કાઢી નાખી બાપુને મળવા જવાની ઉત્કંઠા થઈ આવી. દાક્તરોએ સૂચવેલા ગિરિમથક નંદી હિલ્સથી બાપુ બેંગલોર ગયા ત્યારે મીરાંબહેન તેમની ખબર કાઢવા પહોંચી ગયાં. બાપુ પાસે વધુ રોકાવા મન ના પાડતું હતું પણ ભગવદ્‌ભક્તિ આશ્રમમાં પાછા જવાની પણ ઇચ્છા ન થઈ. બાપુએ વર્ધા પાસે વિનોબાજીનો આશ્રમ સૂચવ્યો અને બાકીના બે મહિના ત્યાં રહી હિંદી ભણવાનું કહ્યું.

વર્ધા આશ્રમમાં એમને સૌથી વધારે ફાવ્યું. વાતાવરણ અનુકૂળ હતું અને જાજૂજી જેવા ધૃતિવાન શિક્ષક પણ મળી ગયા. અહીં એમને સખત મલેરિયા થયો. તાવ ૧૦૫ ડિગ્રી સુધી પહોંચ્યો. આ માંદગી લાંબી ચાલી અને ઘણી નબળાઈ મૂકતી ગઈ. બાપુએ આરામ અને હવાફેર માટે પૂના જવાની ગોઠવણ કરી આપી.

બેંગલોરથી ગાંધીજી દક્ષિણ ભારતના પ્રવાસે નીકળ્યા. છાપાંના હેવાલો અને બાપુના પત્રો ઉપરથી લાગતું હતું કે કામના અતિશય દબાણને કારણે તેઓ ફરી પટકાઈ પડવાની અણી ઉપર હતા. એટલે સ્વસ્થ થઈને ફરી કામે ચડતાં પહેલાં બાપુને ફરી મળવા મીરાંબહેન ગયાં.

બાપુએ આ અંગે તમેને સખત ઠપકો આપ્યો અને તરત જ સાબરમતી મોકલી દીધાં. પાછળથી બાપુનેય દુ:ખ થયું હશે એટલે એમણે લખ્યું :

'તારા ખબર સાંભળવા માટે આટલી ચિંતા કયારેય થઈ ન હતી, કારણ કે તારી સખત માંદગી પછી મેં તને બહુ ઉતાવળે પાછી મોકલી દીધી. આમ કરવું તે પણ માંદગીમાંથી સાજા થવાનો એક ઉપાય હતો. બિચારો અણ્ણા પણ કહે છે કે તું બહુ ઉદાસ હતી, ને મારે તને દિલાસો આપવો જોઈએ. જમનાલાલજી કહે છે કે મારે તને મારી સાથે રાખવી જોઈતી હતી. હવે તારે તંદુરસ્ત અને ખુશમિજાજમાં રહીને લોકોનો ભય ખોટો ઠરાવવાનો છે.'

દક્ષિણ હિંદમાંથી બાપુ વાઈસરૉય લૉર્ડ અર્વિનનું તેડું આવવાથી દિલ્હી ગયા અને દિલ્હીથી લંકા. આ બધો વખત મીરાંબહેન સાબરમતી આશ્રમમાં રહ્યાં.

મીરાંબહેન સાથેના વ્યવહાર સંબંધમાં ગાંધીજી બે નિષેધો સૂચવતા દેખાય છે : પહેલો નિષેધ તે મીરાંબહેને સામે ચાલીને સત્યાગ્રહની લડતોમાં ભાગ ન લેવો, અને બીજો નિષેધ એમની પાસે કાયમ રહેવાની ઇચ્છા ન રાખવી તે હતો. પહેલા નિષેધ વિશે મીરાંબહેનના મનમાં અવઢવ હોય કે ન હોય પરંતુ બીજો નિષેધ જીરવવો અઘરો હતો. ગાંધીજીની ઇચ્છા સાચવવા એ પ્રયત્ન કરતાં પણ મનોમન સોરાતાં હોય એવું તેમની આત્મકથામાં દેખાય છે. ગાંધીજીની પરિચર્યા કરવાની કે તેમની સાથે પ્રવાસમાં રહેવાની તકો નહોતી મળતી એવું તો હતું જ નહીં, પરંતુ આશ્રમના બીજા અંતેવાસીઓ જેવું ભાગ્ય એમનું ન હતું એની વેદનાનો ધીમો, પણ કરુણ સૂર એમાંથી સંભળાય છે.

અલબત્ત, જે જે પ્રસંગે અને સ્થળે મીરાંબહેન ગાંધીજીની સાથે હોય ત્યારે અને ત્યાં બાપુની અંગત જરૂરિયાતોનું ધ્યાન રાખવાનું કામ તેમને ફાળે આવતું. આવા પ્રસંગો વધારે ને વધારે આવે એવી એમની ઝંખના પણ હશે પરંતુ એને ચરિતાર્થ થવા માટે જોજનોનું અંતર કાપવું પડતું. ૧૯૨૯ના ઉનાળામાં, ખાદીકામ માટે, હિમાલયના પહાડી પ્રદેશમાં ગાંધીજી ગયેલા ત્યારે મીરાંબહેન તેમની સાથે હતાં. પ્રવાસની નાનીમોટી બધી જરૂરિયાતો, દૂધ તથા આહારની વ્યવસ્થા, ચાદરો, બેઠક, પથારી, નાહવાની ઓરડીની સફાઈ, મુલાકાતીઓનું નિયંત્રણ અને આવશ્યક

સરભરા આદિ, બાપુના સમયપત્રકની થકવી નાખનારી કસરતો પણ મીરાંબહેન હોંસથી કરતાં, પરંતુ આખરે જુદાઈ જ શૂળ થઈને હાજર થઈ જતી.

દૂરતા અને નિકટતાની ધૂપછાંય વચ્ચે કૉંગ્રેસનું લાહોરનું અધિવેશન આવ્યું અને ગયું. ૧૯૩૦ના ફેબ્રુઆરીની ૧૪મી તારીખથી ૧૬મી સુધી કૉંગ્રેસ કારોબારીની બેઠક સાબરમતી આશ્રમમાં મળી તેમાં અનાકર્ષક લાગે તેવી, મીઠાનો કાયદો તોડવાની, વાત ગાંધીજીએ કરી. તેના અનુસંધાનમાં શરૂ થઈ દાંડીકૂચ. આમાં મીરાંબહેને શું કરવું? સામે ચાલીને સત્યાગ્રહમાં ન જોડાવું એવા ગાંધીજીના પહેલા નિષેધનો ખુલાસો મીરાંબહેનની આત્મકથામાંથી નહીં પણ મહાદેવભાઈની ડાયરીમાંથી મળે છે :

'બે વ્યક્તિઓ હતી જે દરેક રીતે યોગ્ય હતી – મીરાંબહેન અને મિ. રેજિનલ્ડ રેનોલ્ડ્સ. એમનું શું કરવું? પહેલા સત્યાગ્રહીઓમાં પોતે હોય એ બાબતમાં બીજા કોઈ કરતાં એમની ઇંતેજારી ઓછી નહોતી. ગાંધીજીએ કહ્યું, "ના, તમે નહીં. તમારે માટે આનાથી મોટું અને ઘણું વધારે પવિત્ર કાર્ય છે. તમે ઇંગ્લાંડમાં જન્મ્યા છો એટલે તમારી પાસેથી વધુ મોટી તપશ્ચર્યાની હું આશા રાખું છું. એ છે દુ:ખને આહ્વાન દેવાની ઇચ્છાનો ત્યાગ અને પાછળ રહી આશ્રમની પ્રવૃત્તિઓમાંથી જેટલી બને તેટલીને ચલાવવામાં મદદ કરવી તે. એ કાર્ય કરવાને કારણે, આશ્રમના સભ્યો તરીકે તમને ઉપાડી જવામાં આવે તો બહુ સારું. અને જો એમ ન થાય તો હું એવા દિનની આશા રાખું છું કે જ્યારે આશ્રમનાં પુખ્તવયનાં બધાં સ્ત્રીપુરુષોને ઉપાડી જવામાં આવે તે પછી, તમે અહીં રહેશો અને ટ્રસ્ટી તરીકે આશ્રમની મિલકતને સંભાળશો અને પાછળ મૂકી જવામાં આવેલાં બધાં સગીર છોકરાછોકરીઓની સંભાળ લેશો. તમારી એ સિદ્ધિ તમારો ગર્વ અને આનંદ હશે.'

[महादेवभाईनी डायरी, ભાગ-૧૩, પૃષ્ઠ ૨૧૫]

## ૫

દાંડીકૂચ પૂરી થયા પછી ગાંધીજીની ધરપકડ થઈ. તેમને જેલમાં જતા જોવાનો આ પ્રસંગ મીરાંબહેન માટે પહેલો હતો. બાપુ વિનાના આશ્રમમાં થતી અકળામણ નિવારવા મીરાંબહેને ખાદીકામ માટે બિહાર, મદ્રાસ અને કલકત્તાને આવરી લેતો પ્રવાસકાર્યક્રમ ગોઠવ્યો. એમાં રાજમહેન્દ્રી સ્ટેશને અને તે પછી કલકત્તામાં હાવડા સ્ટેશને પોલીસની જોહુકમીનો સ્વાદ ચાખી લીધો.

૧૯૩૧ની ૨૬મી જાન્યુઆરીની રાત્રે અગિયાર વાગ્યે ગાંધીજી જેલમાંથી છૂટયા. છઠ્ઠી ફેબ્રુઆરીએ મોતીલાલ નેહરુનું અવસાન થયું. ૧૭મી ફેબ્રુઆરીથી ગાંધી-અર્વિન મંત્રણા શરૂ થઈ. મંત્રણાના ચઢાવઉતાર વચ્ચે એક બપોરે વાતો બહુ લાંબી ચાલી ત્યારે બાપુનું જમવાનું વાઇસરૉયને ત્યાં લઈ જવાનો સંદેશો મીરાંબહેનને મળ્યો. એ દિવસોમાં ખજૂર અને દૂધ એ ગાંધીજીનો મુખ્ય ખોરાક હતો અને એ જેમાં જમતા તે જેલખાનાનાં સામાન્ય વાસણો હતાં. આ બધી વસ્તુઓ એક ટોપલીમાં લઈને મીરાંબહેન વાઇસરીગલ લૉજમાં ગયાં. વાઇસરૉયના અંગત મદદનીશે તેમને થોભવા કહ્યું, અંદર જઈને અર્ધી મિનિટમાં પાછા આવી મીરાંબહેનને અંદર જવાની રજા આપી. અંદર એક મજાનો અભ્યાસખંડ હતો. એમાં ઠંડી ઉડાડવા માટે દેવતા સળગતો હતો. તેની એક બાજુએ આરામખુરશીમાં વાઇસરૉય બેઠા હતા અને દેવતાની સામે એક સોફા ઉપર બાપુ બેઠેલા હતા. ગૃહસચિવ ઈમર્સન હાથમાં કાગળપેન્સિલ લઈ નોંધ કરતા હતા. બાપુએ મીરાંબહેનની ઓળખાણ કરાવી એટલે લૉર્ડ અર્વિને ઊભા થઈ ઉષ્માથી હાથ મિલાવ્યા. પછી બાપુનું ખાવાનું મૂકવા, એકાદ ખાલી ખૂણાની શોધ મીરાંબહેને આરંભી. બધાં મેજ ખૂબ સરસ રીતે પૉલિશ કરેલાં હતાં અને જમીન ઉપર પગ ખૂંપી જાય એવો જાડો ભભકદાર ગાલીચો હતો. એ ગાલીચાના એક છેડે આરસપહાણની ફરસ ઉઘાડી હતી. એ ખાલી ખૂણે જઈને મીરાંબહેને ટોપલીનો સામાન મૂકી દીધો અને દૂધ-ખજૂર વાસણમાં ભરીને તે બાપુના હાથમાં મૂકયું. વાઇસરૉય આ બધું રસપૂર્વક જોઈ રહ્યા હતા. બાપુ ચમચાથી ખજૂર લેવા માંડયા એટલે શું ખાઓ છો એમ વાઇસરૉયે પૂછયું. બાપુએ હસતાં હસતાં

કહ્યું, પયગમ્બર સાહેબનો ખોરાક. એમના કથનનો અર્થ સમજવા વાઈસરોયે ઊભા થઈ વાસણમાં જોયું. ચમચાથી ચંબુ ખખડાવતાં ગાંધીજીએ કહ્યું, 'આ મારું જેલનું વાસણ છે.' મીરાંબહેન અને વાઈસરોયે મહેલમાં જેલનું દર્શન કર્યું!

૧૯૩૧ના આ જ દિવસોમાં દિલ્હીમાં દેવદાસ અને લક્ષ્મીનો પ્રણય પાંગરી રહ્યો હતો. એ બન્નેના સ્વભાવનો મેળ અને લાગણીની સ્થિરતા ચકાસવા, શિસ્તપાલક પિતાએ પાંચ વર્ષનો ગાળો સૂચવ્યો હતો. કૉંગ્રેસ કારોબારીના સભ્ય રાજાજી એ વખતે દિલ્હીમાં હતા. દેવદાસ અને લક્ષ્મીએ કશી આનાકાની વિના પાંચ વર્ષ રાહ જોવાનું સ્વીકારી લીધું. પરંતુ લક્ષ્મી રાજાજી સાથે મદ્રાસ પાછાં જાય તે પહેલાં તેમની સાથે વાત કરવાની દેવદાસની ઈચ્છા હતી. બન્ને એકલાં બેસે તે બાને નહીં ગમે એવું દેવદાસ જાણતા હતા. એટલે વાઈસરોયભવનમાં ચાલતી વાટાઘાટો દરમિયાન બાપુની ખાલી ઓરડીમાં બેસવું એવી યુક્તિ દેવદાસને સૂઝી. પછી મીરાંબહેનને કહ્યું, 'તમે બાજુની ઓરડીમાં બેસજો. અમે બારણું ઉઘાડું રાખીશું. બાએ આ વ્યવસ્થા માન્ય રાખી અને મીરાંબહેનને એક તાજગીભર્યા, સાચા દિલનાં પ્રેમીઓના મિલનના સાક્ષી થવાની તક મળી.

ગાંધી-અર્વિન કરારો થયા પછી, ગાંધીજી અને તેમના સહાયકોનો રસાલો કરાંચી કૉંગ્રેસમાં જવા ઊપડયો. કરાંચીમાં મીરાંબહેનની તબિયતમાં ગરબડ વરતાવા લાગી. એમને તાવ ચડતો હતો અને પીઠમાં ચળ આવતી. એમણે મહાદેવભાઈને વાત કરી. મહાદેવભાઈએ કહ્યું, 'આપણે રાજાજીને પૂછીએ.' પછી રાજાજીને બોલાવવામાં આવ્યા. એમણે તેમનાં કાળાં ચશ્માં ઊંચાં કરી પીઠ જોઈ અને કહી દીધું કે અછબડા નીકળશે. ડૉક્ટરને તેડાવીને પૂછ્યું તો તેમણે પણ રાજાજીના નિદાનનું સમર્થન કર્યું. મીરાંબહેનને દવાખાનામાં દાખલ કરવામાં આવ્યાં.

તેમની માંદગીનો ચેપ બીજાને ન લાગે એટલો ગાળો પૂરો કર્યા પછી મીરાંબહેન બાપુ પાસે મુંબઈ પહોંચ્યાં. ગાંધી-અર્વિન કરારોના અમલમાં સરકાર અખાડા કરતી હતી. ગુજરાતમાં બારડોલી અને બોરસદના સત્યાગ્રહોમાં ઉત્સાહથી ભાગ લેનારા લોકો ઉપર બદલો લેવા સ્થાનિક અમલદારો તલપી રહ્યા હતા. આથી લોકોને હિંમત અને સધિયારો

આપવા ગાંધીજીએ ૧૯૩૧ના એપ્રિલ-મેમાં અમદાવાદ થઈને બારડોલી અને બોરસદ જવાનો કાર્યક્રમ ઘડ્યો. પોતે બાપુ સાથે ફરે છે તેથી બાપુ બેચેન રહ્યા કરે છે, એમ મીરાંબહેનને લાગવા માંડ્યું. તદ્દન નાની બાબતમાં પણ તેઓ મીરાંબહેન ઉપર ખિજાઈ જતા. એક દિવસ તેઓ ખૂબ અકળાયા એટલે મીરાંબહેને આપમેળે જવાની રજા માગી. ગાંધીજીએ એ સૂચન સ્વીકારી લીધું. મીરાંબહેને સાબરમતી આશ્રમની વાટ પકડી. લાગલો બાપુનો પત્ર આવ્યો :

'તારું સ્મરણ સતત થયા કરે છે. ચારેબાજુ જોઉં છું ને તું યાદ આવે છે.... તેં જે કર્યું તે યોગ્ય જ કર્યું છે. ઘરબાર, સગાંવહાલાં, અને લોકોને જે ચીજોની સૌથી વધુ કિંમત હોય તે બધું તેં છોડ્યું છે તે કંઈ મારી પોતાની ચાકરી કરવા નહીં પણ મારા આદર્શો ખાતર છોડ્યું છે. આ બધો વખત તારો પ્રેમ મારા ઉપર જ ઢોળાઈ રહ્યો હતો. એ પ્રેમ મેં વગરહક્કે પડાવી લીધો હોય તેવો ગુનેગાર હું મને લાગતો હતો. તું અહીં નથી એટલે એ બધો ગુસ્સો, તને હું વઢ્યા કરતો તે કારણે, મારી પોતાની ઉપર ઊતરી રહ્યો છે. તારી ચાકરી સ્વીકારતો હતો તે દરમિયાન, બધો વખત, અંદરથી આત્મા કચવાઈ રહ્યો હતો. મારા આદર્શની સેવા આનંદથી કરીશ તો તે મારી જ સાચી સેવા થશે....'

મીરાંબહેન મન મનાવી સાબરમતી આશ્રમમાં રહ્યાં. એવામાં તેમની માતાની તબિયત બગડ્યાના અને થોડા દિવસ પછી ગુજરી ગયાના સમાચાર આવ્યા. બાપુને લખેલા પત્રમાં મીરાંબહેને તેમનો હૃદયભાર હળવો કર્યો. જવાબમાં બાપુએ લખ્યું :

'આખરે મા ગઈ. તારા કાગળની દરેક લીટીમાં તારું દબાવી રાખેલું દુઃખ મેં વાંચ્યું. આખરે આપણે માણસ છીએ. દુઃખને જડમૂળથી દૂર કરવા માટે પહેલાં તો તેને અંદર દબાવી દેવાની શક્તિ જોઈએ. ઈશ્વર તને એ શક્તિ આપે.'

આવી વિષાદપૂર્ણ સ્થિતિમાં, હૃદયનો ખાલીપો પૂરવા માટે એક નાનકડો મિત્ર મીરાંબહેનને મળી ગયો. એ હતું એક બુલબુલ. પહેલાં તો એણે બારણામાં આવીને અંદર જોયા કર્યું. મીરાંબહેને જમીન પર દ્રાક્ષ નાખી તેને લલચાવ્યું. પછી દ્રાક્ષ આંગળીમાં પકડી રાખી તો બુલબુલે બહાદુરીથી

130250
Acc. No.
Date



એ દ્રાક્ષ લઈ લીધી. પછી એક દિવસ આવીને એણે મીરાંબહેનના માથા પર બેઠક જમાવી લીધી. મીરાંબહેને તરત જ તેને દ્રાક્ષ આપી. આટલી કેળવણી પછી માથા પર બેસવાથી દ્રાક્ષ મળે છે એટલું બુલબુલ સમજી ગયું. દિવસમાં અનેક વાર આવીને એણે ઘરોબો દૃઢ કરવા માંડચો અને જ્યાં સુધી દ્રાક્ષ ન મળે ત્યાં સુધી ચીં ચીં કરીને કૂદાકૂદ કરવા માંડી. આમ થોડા દિવસ ચાલ્યું. પછી એક દિવસે એ બીજા બુલબુલને લઈને આવ્યું. એ એની વહુ જ હોવી જોઈએ. તે દિવસે બુલબુલ માથે ન બેઠું પણ દૂર રહીને એણે વહુની ઓળખાણ કરાવી. બિચારી બહુ શરમાતી હતી. મીરાંબહેને એને દ્રાક્ષ ધરી તો ગભરાઈને પાછી હટી ગઈ. પછી તો એ બન્ને રોજ આવે અને ભિક્ષાં દેહી કરીને ઊભાં રહે. પરંતુ મીરાંબહેનના ધ્યાનમાં આવી ગયું કે એ દંપતી દ્રાક્ષ ખાતું ન હતું પણ ચાંચમાં ભરીને ઊડી જતું હતું. આમ કેટલોક વખત નિયમિત ચાલ્યા પછી એક સવારે ત્રણ બચ્ચાં સહિત આખું કુટુંબ આવી ચઢચું. એ પાંચે જણાં અર્ધગોળાકારમાં ગોઠવાઈને તેમની પાસે દ્રાક્ષ માગવા લાગ્યાં. આવી સરભરા ઠીક ઠીક લાંબી ચાલી અને મીરાંબહેનને સુખદ કામ મળ્યું.

## ૬

ઑગસ્ટ માસમાં ગોળમેજી પરિષદમાં જવાનું તેડું આવ્યું ત્યારે બાપુના રસાલામાં હતાં – મહાદેવ, દેવદાસ, પ્યારેલાલ અને મીરાંબહેન. પોતાનો દેશ છોડચા પછી છ વર્ષે ઇંગ્લન્ડ જવાની તક ગાંધીજીએ સદ્ભાવથી ઊભી કરી આપી હતી. સાબરમતી આશ્રમમાં એ આવ્યાં તે પછીના વર્ષે એમના પિતાનું અવસાન થયેલું ત્યારે મીરાંબહેન પિતાની ઉત્તરક્રિયામાં ગયાં ન હતાં. આ જ વર્ષે, એટલે કે ૧૯૩૧ના જુલાઈ માસમાં મા ગુજરી ગયેલાં તેની વેદના હજુ તાજી હતી. એ માતાને દર અઠવાડિયે પી. એન્ડ ઓ.ની સ્ટીમર મારફતે, સમયસર પહોંચે એ રીતે, મીરાંબહેન અચૂક પત્રો લખતાં. અને મા! માંદગીના છેલ્લા દિવસો સુધી પત્રોના જવાબ લખનારી મા ગઈ, તેમ છતાં મીરાંબહેનના મનમાં ઘર, વતન કે સ્વજનોનું વિવશ કરે એવું ખેંચાણ ન હતું. એ વાતનો હવાલો ગાંધીજીએ પોતે આપેલો. ગોળમેજી પરિષદમાં તમારી સાથે કોણ કોણ હશે એવા

પ્રશ્નના જવાબમાં ગાંધીજીએ કહ્યું હતું:

'મારો દીકરો આવશે, મહાદેવ આવશે, પ્યારેલાલ આવશે. એ મારા હમાલો છે. અને મીરાંબહેન આવશે. એણે એની મા ગુમાવી છે. એને રસ હતો કેવળ એની મામાં અને રોમાં રોલાંમાં. પણ એ કહે, ''કેવળ મારી માને મળવા ખાતર જ હું ન જાઉં.'' મેં એને મોકલવા તત્પરતા દાખવી, પણ એ કહે, ''મેં મારાં બધાં સામાજિક બંધનોને તિલાંજલિ આપી છે એટલે એટલા જ માટે હું વિલાયત જઈ શકું નહીં.'' પણ હું ચોકકસ લઈ જવાનો છું.'

આમ મીરાંબહેન સહિતનો બાપુનો કાફલો માર્સેલ્ઝ પહોંચ્યો ત્યારે રોમાં રોલાં નાદુરસ્ત તબિયતને કારણે આવી શકેલા નહીં પણ તેમનાં બહેન માડલીન રોલાં. પ્રોફેસર અને માદામ પ્રિવા જેવાં ગાંધીચાહકો હાજર હતાં. માર્સેલ્ઝથી પૅરિસ અને પૅરિસથી લંડન પહોંચતાંની સાથે જ ગોળમેજી પરિષદની ઘટમાળામાં પરોવાઈ જવાનું હતું. વાટાઘાટો ચાલવાની હતી સેન્ટ જેઈમ્સીઝ પૅલેસમાં અને મુકામ હતો બાઉસ્ટ્રીટમાં. ગરીબ લત્તામાં રહેવું એવો ગાંધીજીનો આગ્રહ હતો. બાઉસ્ટ્રીટથી સેન્ટ જેઈમ્સીઝ પૅલેસ લગભગ આઠ માઈલ દૂર હતો એટલે ખપજોગા નિવાસ માટે નજીકના નાઈટ્સબ્રિજમાં એક મકાન ભાડે રાખેલું કે જેથી પરિષદના વિરામસમયમાં ગાંધીજી અન્ય લોકોને મળી શકે.

ગાંધીજીનું ખાણું એક ટોપલીમાં મૂકી સેન્ટ જેઈમ્સીઝ પૅલેસમાં લઈ જવામાં આવતું. આમ બાઉસ્ટ્રીટ, કિંગ્ઝલી હૉલ અને નાઈટ્સબ્રિજની ખેપો ચાલ્યા કરે. મીરાંબહેન કિંગ્ઝલી હૉલમાં બાપુ માટે નાહવાનું પાણી ગરમ કરે, નાસ્તો આપે અને બરાબર આઠ વાગ્યે બાપુને રવાના કરે. તે પછી ઓરડા અને અગાશીઓ વાળે, ધોવાનાં કપડાંની પોટલી તૈયાર કરે, પાસેના બજારમાંથી સરસામાન લાવીને રાંધે, રાંધેલો ખોરાક લઈને ભૂગર્ભ રેલગાડીમાં નાઈટ્સબ્રિજ જાય, જઈને તરત કપડાં ધુએ, બાપુ આવે તો જમાડે, ન આવ્યા હોય તો દેવદાસ કે પ્યારેલાલ મારફતે ખાવાનું પહોંચતું કરે. સાંજે નાઈટ્સબ્રિજમાં જ રાંધે અને રાત્રે આઠનવ વાગ્યે ફરીથી ભૂગર્ભ રેલવેમાં બાઉસ્ટ્રીટ પાછાં આવી બાપુની રાહ જુએ. આવાં ઝીણાંજાડાં કામો ઉપરાંત ગાંધીજી રાત્રે સાડા અગિયાર વાગ્યે, થાકયાપાકયા, ઘેર આવે ત્યારે દાદરના છેલ્લા પગથિયા સુધી વળાવવા

આવેલી છૂપી પોલીસ પાસેથી રેંટિયો અને કાગળોની પેટી મીરાંબહેને લઈ લેવાની. બાપુ આડા પડે કે તરત જ તેમના ઠિંગરાઈ ગયેલા પગોમાં ગરમી લાવવા પગને તળિયે જોરથી ઘી ઘસવાનું. બાપુ ઊંઘી જાય તે પછી પોતાની ઓરડીમાં જઈ રાતના ૨-૩૦નું એલાર્મ મુકાય. મીરાંબહેન અઢી વાગ્યે ઊઠે અને ત્રણ વાગ્યે બાપુને જગાડે. સવા ત્રણથી પોણા ચાર પ્રાર્થના. પછી બાપુ ફરી સૂઈ જાય. મીરાંબહેન પોતાના ખંડમાં આવી ફરી પોણા પાંચનું એલાર્મ મૂકે અને પોણાપાંચે ઊઠીને બાપુ માટે લીંબુ-મધનું ગરમ પાણી તૈયાર કરે. તે પછી સહુ ફરવા જાય અને પાછાં ફરે ત્યારે આકાશમાં સૂર્યોદય થતો હોય. આ હતી લંડનની દિનચર્યા.

ગોળમેજી પરિષદના વિરામના દિવસોમાં જુદે જુદે સ્થળે જવાનો કાર્યક્રમ ગોઠવાતો. એવા એક પ્રવાસનો મીરાંબહેનનો હેવાલ જોઈએ :

'મને યાદ નથી કયારે, પણ એક વાર અમે મિલ્ટન હીથના દરવાજા આગળથી પસાર થયાં. મને અંદર ડોકિયું કરવાનું મન થયું, પછી ભલેને એ ફક્ત અર્ધો કલાક માટે હોય. જ્યાં મેં બાળપણ ગાળ્યું હતું તે સ્થાન બાપુને બતાવવાની મને તીવ્ર ઈચ્છા થઈ આવી, પણ વખત હતો નહીં. દરવાજા આગળથી અમે ઝડપથી પસાર થયાં ત્યારે એક પલકમાં ઘર તરફ જતો મોટો રસ્તો, જર્સી ગાયો ચરતી હતી તે ખેતરો, નોકરોને રહેવાની ચાલીની બાજુનાં એલ્મનાં વૃક્ષો આવ્યાં અને સ્વપ્નની જેમ જતાં રહ્યાં. ખરેખર સ્વપ્નની જેમ જ. વિલાયત છોડ્યું તે પછીનાં છ વર્ષમાં દરેક ચીજ સાવ પલટાઈ ગઈ હતી. મારાં મા અને પિતા બન્ને ગુજરી ગયાં હતાં. રહોના પોતાના પતિ સાથે ફરીથી હિન્દુસ્તાન આવી ગઈ હતી. પરંતુ એક નવું ઘર થયું હતું. એલેક પરણ્યો હતો અને ઑક્સફર્ડની પાસે જ, ઈલિઝાબેથના વખતની જાગીરના એક મકાનમાં રહેતો હતો. બાપુ અહીં આવ્યા. અહીંના શાંત વાતાવરણથી અને ભૂખરા રંગના પથ્થરના મકાનના સૌંદર્યથી તેઓ ખુશ થયા હતા, ખાસ તો બગીચામાં આવેલા નાના દેવળથી.'

'લ્યુસી અને બર્થા બાપુને મળવા કિંગ્ઝલી હૉલ આવ્યાં. મોના નાઈટ્સબ્રિજ આવી પણ મારે એટલું બધું કામ હતું અને હું તેમાં

એટલી મગ્ન હતી કે તેમની સાથે ઝટપટ થોડી વાત કરવા સિવાય કંઈ વખત રહ્યો નહીં.'

આ બન્ને ફકરાનો સંકેત સ્પષ્ટ છે. ગાંધી સાથે રહેવું, એમના સત્યાગ્રહના સૈનિક થવું એ કેવું કપરું હતું તેનો અણસાર આમાંથી મળે છે. ગાંધીઆશ્રમની સમગ્ર નક્ષત્રમાળા આમં તપી-ટિપાઈને તેજસ્વી થઈ હતી. મીરાંબહેન એને માટે સજ્જ થઈને ગાંધીજી પાસે આવેલાં.

૭

ઇંગ્લન્ડથી પાછા વળતાં રોમાં રોલાંને મળી, પોપના વેટિકન મહેલની, તે ઉપરાંત મુસોલિનીની મુલાકાત લઈ ગાંધીજી અને તેમનો રસાલો મુંબઈ પહોંચ્યો. ગોળમેજી પરિષદ નિષ્ફળ ગઈ હતી. થોડા દિવસ પછી, ચોથી જાન્યુઆરી ૧૯૩૨ના રોજ ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. મીરાંબહેન સાબરમતી આશ્રમમાં પાછાં પહોંચી ગયાં. અહીં તેમના મનમાં એક નવું કર્તવ્યભાન જાગ્યું. ગાંધીજીની ધરપકડ પછી કૉંગ્રેસ કારોબારીને ગેરકાનૂની જાહેર કરવામાં આવી હતી અને દમનનો કોરડો વીંઝાવા માંડ્યો હતો. આવી સ્થિતિમાં જગતને સાચી માહિતી આપવા માટે દેશનાં અખબારો વિશ્વાસપાત્ર રહી શકે તેમ ન હતાં, કારણ કે તેમની ઉપર સરકારનો પોલાદી પંજો પડેલો હતો. એટલે લડતના સાચા સમાચારો વિદેશના મિત્રો અને શુભેચ્છકોને પહોંચાડવાના ઉદ્દેશથી મીરાંબહેન મુંબઈ ગયાં. એક હિંમતવાન મિત્રને ત્યાં એમણે મુકામ નાખ્યો અને મુંબઈમાં કામ શરૂ કર્યું. કામને ઉમળકાભર્યો પ્રતિસાદ મળવા માંડ્યો પણ સરકારની નીંદર વેરણ થવા માંડી. દમનના હેવાલો બ્રિટનનાં છાપાંમાં ફેલાવા માંડ્યા અને સર સૅમ્યુઅલ હોરે, હાઉસ ઑફ કૉમન્સમાં, કોઈનું નામ પાડ્યા વિના રોષયુક્ત ઉલ્લેખ કર્યો. પરિણામે મીરાંબહેનને મુંબઈ છોડી જવાનો હુકમ કરવામાં આવ્યો. મીરાંબહેને એ હુકમ ન ગણકાર્યો એટલે તેમની ધરપકડ થઈ અને આર્થર રોડ જેલમાં ત્રણ મહિના ગાળવાની સજા મળી.

જેલમાં ગાંધીજીના સૂચન પ્રમાણે રામાયણ-મહાભારત વાંચવાની શરૂઆત કરી. અહીં આર્થર રોડ જેલમાં તેમને કમલાદેવી ચટ્ટોપાધ્યાયની સોબત મળી. બન્નેએ क વર્ગના કેદીઓની હાલતમાં રસ લેવા માંડ્યો:

થોડા વખત પછી કમલાદેવીને બીજી જેલમાં ખસેડવામાં આવ્યાં. પછી આવ્યાં સરોજિની નાયડુ. એમનો મુકામ પણ ટૂંકો રહ્યો. સરોજિનીને થોડા વખતમાં યરવડા જેલમાં લઈ જવામાં આવ્યાં. મીરાંબહેનની સજા પૂરી થવામાં હતી તે ગાળામાં મુંબઈમાં કોમી રમખાણ ચાલતું હતું. તેમ છતાં મીરાંબહેન છૂટયાં તે દિવસે તેમના યજમાન દામોદરદાસ મોટર લઈને લેવા આવ્યા હતા.

છૂટયા પછી, રમખાણોની વચ્ચે મીરાંબહેને તેમની પ્રવૃત્તિઓ ચાલુ રાખી. એવામાં જેલવાસી બાપુને મળવા એક ટુકડી જવાની હતી તેમાં મીરાંબહેન પણ જોડાયાં. ૧૯૩૨ની ૧૮મી મેએ એ જ્યારે જેલના દરવાજે પહોંચ્યાં ત્યારે મીરાંબહેનને કહેવામાં આવ્યું કે સરકારના આદેશ મુજબ તેઓ ગાંધીજીને મળી શકશે નહીં. મીરાંબહેન ખૂબ નિરાશ થયાં પરંતુ બાપુનો પત્ર આવ્યો: 'તને ન મળવા દેવી એવો સરકારે જે નિર્ણય લીધો છે તેની ઉપર ફરી વિચાર કરવા મેં સરકારને લખ્યું છે.' અંદર એવો પણ ઇશારો કરેલો કે જો નામંજૂરી ચાલુ રહેશે તો બાપુ બધી જ મુલાકાતો બંધ કરી દેશે. છેવટે બન્યું પણ એમ જ. લગભગ બે માસ સુધી મીરાંબહેનને મુંબઈમાં વિઘ્ન ન આવ્યું. એટલે મીરાંબહેને જેલમાંથી તાજા છૂટેલા રાજેન્દ્રબાબુને મળવા જવાનું નક્કી કર્યું. એની તૈયારી ચાલતી હતી તે જ વેળા મીરાંબહેનને મુંબઈ છોડવાનું ફરમાન મળ્યું. પોલીસને, તેમણે વિચારેલા કાર્યક્રમની, કશી જાણ ન હતી એટલે બિહારનો કાર્યક્રમ એમણે યથાવત્ ચાલુ રાખ્યો. મુંબઈથી છપરા જઈને એમણે જોયું તો રાજેન્દ્રબાબુ મલેરિયાના તાવમાં પટકાઈ પડયા હતા. અહીં એમને બીજી નોટિસ મળી. આમેય બીજે દિવસે પંડિત માલવીયજીને મળવા એ બનારસ જવાનાં હતાં. નોટિસ વિશે એમણે રાજેન્દ્રબાબુની સલાહ પૂછી. જવાબમાં રાજેન્દ્રબાબુએ કહ્યું કે સ્ત્રીઓને સંઘરી શકે એવી જેલ આસપાસમાં નથી એટલે તે રાત્રે ધરપકડ થાય એવો સંભવ બહુ ઓછો છે. રાજેન્દ્રબાબુની ધારણા સાચી પડી. પોલીસો આખી રાત ચોકી કરતા બેસી રહ્યા અને બીજે દિવસે સ્ટેશન સુધી પાછળ પાછળ ગયા પણ ધરપકડ ન કરી. બનારસ પહોંચ્યાં ત્યાં મલેરિયાએ મુલાકાત લીધી. એમના યજમાન શિવપ્રસાદબાબુએ ઠીક ઠીક સરભરા કરી. મીરાંબહેન હતાં ત્યારે જેલની બહાર હોય એવા કૉંગ્રેસ કારોબારીના સભ્યોની બેઠક

શિવપ્રસાદબાબુને ઘેર મળી. મીરાંબહેનને એના સાક્ષી થવાનું અણધાર્યું ફળ મળ્યું.

તબિયત સુધરી એટલે મીરાંબહેને અમદાવાદ આવી મુંબઈની વાટ પકડી. પરંતુ તે પહેલાં અમદાવાદમાં એક પોલીસ અમલદારે તેમને મુંબઈમાં પ્રવેશ ન કરવાની નોટિસ પકડાવી. એને અવગણી મીરાંબહેન મુંબઈમાં ઊતર્યાં કે તરત જ સાદા વેશમાં આવેલા બે અંગ્રેજ પોલીસ અધિકારીઓ એક ટેક્સીમાં તેમને પોલીસથાણે લઈ ગયા. એ દિવસ હતો ૧૮ ઑગસ્ટ ૧૯૩૨. તે પછી કેસ ચાલ્યો અને ૨૩મી ઑગસ્ટે તેમને એક વર્ષની સાદી કેદની સજા થઈ. ફરી મુકામ ચિરપરિચિત આર્થર રોડ જેલમાં.

જેલવાસ દરમિયાન એમના વાંચનમાં પ્રગતિ થઈ હતી. ઉપનિષદ, રામાયણ અને મહાભારતે તેમના મન ઉપર ભારે અસર કરી હતી. આ ગ્રંથોના અધ્યયનમાંથી, તેમના અંતરાત્માના અંશની ફરીથી ઝાંખી થઈ. ક્યારેક તેમાંથી બિથોવનના સંગીતમાં હોય એવા સૂર સંભળાવા માંડ્યા. રામાયણ-મહાભારતમાં વ્યક્ત થતી સ્ત્રીની પતિભક્તિની કલ્પનામાં તેમને પોતાના જ હૃદયભાવનો સાક્ષાત્કાર જોવા મળ્યો. તે પછી વારો આવ્યો કુરાનનો. બાકીનો સમય જેલની કીડીઓની બુદ્ધિ અને તેમનો ઉદ્યમ જોવામાં રસપૂર્વક વહેવા માંડ્યો.

એક દિવસ મેટ્રને આવીને બિસ્તરા બાંધવા કહ્યું. જેલ બદલવાની એ નોબત હતી, પરંતુ ક્યાં એનો ફોડ મેટ્રને ન પાડ્યો. મીરાંબહેને માન્યું કે કદાચ તેમને યરવડા લઈ જવાનાં હશે. પરંતુ જાગીને જોયું તો એ હતી સાબરમતી જેલ. આ જેલમાં કસ્તૂરબા અને ગંગાબહેન જેવાં આશ્રમવાસી બહેન છે તે જાણીને તેમને આનંદ થયો. સાબરમતી જેલમાં આવ્યાને ત્રણેક મહિના માંડ થયા હશે ત્યાં સમાચાર આવ્યા કે હરિજનોના ઉત્થાન વિશે વધારે સજાગ થવા બાપુએ એકવીસ દિવસના ઉપવાસ પર ઊતરવાનું નક્કી કર્યું છે. એ ઉપવાસ શરૂ થયા અને સરકારને એ પ્રાણઘાતક નીવડશે એવું લાગ્યું એટલે તેણે બાપુને છોડી મૂક્યા. એમણે પૂનામાં, લેડી પ્રેમલીલા ઠાકરસીના મકાન 'પર્ણકુટિ'માં રહીને ઉપવાસ ચાલુ રાખ્યા. અઠવાડિયા પછી સરકારે કસ્તૂરબાને છોડવાની દયા બતાવી અને બા જે પહેલી ગાડી મળી તેમાં પૂના જવા રવાના

થયાં. બાપુના એ ઉપવાસ ૧૯૩૩ના મેની ૨૯મી તારીખે છૂટચા.

ઉપવાસ પૂરા થયા પછી, ૧૯૩૩ના જુલાઈમાં, જેલમાં સમાચાર આવ્યા કે બાપુ અમદાવાદ આવ્યા છે અને સત્યાગ્રહ ફરી શરૂ કરતાં પહેલાં સાબરમતી આશ્રમને વિખેરી નાખવાની વિચારણા કરી રહ્યા છે. એમનો ઉતારો રણછોડલાલ શેઠના અમૃતભવનમાં હતો. સાબરમતી જેલ આશ્રમથી ભાગ્યે જ એકાદ માઈલ થતી હશે. આશ્રમના વિસર્જન માટે મોટરો-ખટારાની આવજાના અવાજો મીરાંબહેનને જેલમાં સંભળાતા. એના આઘાતપ્રત્યાઘાત રૂપે અનેક વિચારો એમના મનમાં ઘોળાતા હતા ત્યાં જેલસુપરિન્ટેન્ડેન્ટનું તેડું આવ્યું. 'કોણ મળવા આવ્યું હશે ?' એવો પ્રશ્ન મનમાં ઊઠચો. મીરાંબહેને કહ્યું, 'બાપુ તરફથી દર અઠવાડિયે જે કાગળ આવે છે તે હક જતો કરી મારે કોઈની મુલાકાત નથી લેવી.' સુપરિન્ટેન્ડેન્ટ હસ્યા અને કહ્યું: 'ગાંધીજી પોતે જ આવ્યા છે.' મીરાંબહેનનું હૈયું હરખાઈ ઊઠ્યું. પૂરા દોઢ વર્ષથી બાપુને એમણે જોયા ન હતા. જઈને ચરણસ્પર્શ કરવા મીરાંબહેન નીચાં નમ્યાં એટલે ગાંધીજીએ પ્રફુલ્લ હાસ્ય કરી, પીઠમાં ધબ્બો લગાવી, તેમને સંબોધ્યાં. ઉપવાસની અસરથી તેઓ નબળા દેખાતા હતા પરંતુ એમનો આત્મા તેજથી ઝળહળી રહ્યો હતો. ૩૧મી જુલાઈએ ફરી વાર બાપુએ મીરાંબહેનની મુલાકાત લીધી; આશ્રમ ખાલી કરી જનારાંને વિદાય આપી અને વ્યક્તિગત સત્યાગ્રહની લડત શરૂ કરી.

૧૯૩૩ના ઑગસ્ટની પહેલી તારીખે પાછલા પહોરે ગાંધીજી અને મહાદેવભાઈને પકડી સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યા. બાપુ, મહાદેવભાઈ અને પોતે એક જ જેલમાં સાથે છે એની જાણ મીરાંબહેનને થતાં તે રાજી થયાં. પરંતુ એ આનંદ અલ્પજીવી હતો. બીજી ઑગસ્ટે ગાંધીજી તથા મહાદેવભાઈને સાબરમતીથી યરવડા લઈ જવામાં આવ્યા. યરવડામાં ગાંધીજીએ, હરિજનસેવા અંગે જે છૂટ અગાઉ મળતી હતી તે આપવા જેલના અધિકારીઓને લખ્યું. જવાબ ન આવ્યો એટલે ફરી લખ્યું અને તા. ૧૬મી સુધીમાં જવાબ ન આવે તો આમરણ ઉપવાસ કરવાનું જણાવ્યું. સરકારે શરતી છૂટ આપી, પણ તે ઉચિત ન લાગવાથી બાપુએ ૧૭મી ઑગસ્ટથી ઉપવાસ આદર્યા. બેત્રણ દિવસમાં તબિયત બગડી એટલે ગાંધીજીને સરકારે પૂનાની સાસૂન હૉસ્પિટલમાં ખસેડચા.

આ બાજુએ, મીરાંબહેનના જેલવાસને એક વર્ષ પૂરું થવામાં હતું. જેલસુપરિન્ટેન્ડેન્ટે એમને થોડાક કલાક વહેલાં છોડયાં કે જેથી તે પૂના જવા ગાડી પકડી શકે. પૂનામાં 'પર્ણકુટિ'એ મીરાંબહેન પહોંચ્યાં ત્યારે લોકોને લમણે હાથ દઈને બેઠેલા તેમણે જોયા. દવાખાનેથી આવેલાં કસ્તૂરબાએ પણ બાપુની છેલ્લી ઘડીઓ છે એવા સમાચાર આપ્યા અને વ્યગ્રતામાં વધારો થયો. આ વેળા દીનબંધુ એન્ડ્રૂઝની દરમિયાનગીરીથી સરકારે બાપુને મુક્ત કર્યા અને દીનબંધુ પોતે જ તેમને પર્ણકુટિએ લઈ આવ્યા. બાપુ ક્ષીણ હતા છતાં, સ્ટ્રેચર પર પસાર થતાં મીરાંબહેનને જોઈ હાથ લંબાવી હળવી ટપલી મારી. ઉપવાસમાંથી સ્વસ્થ થયા પછી આખું વર્ષ તેમણે અસ્પૃશ્યતાનિવારણના કામને આપવાનું નક્કી કર્યું.

આ કામનો આરંભ નવેમ્બરથી કરવાનો નિર્ણય બાપુએ દેશના કાર્યકરોને જણાવી દીધો. તેઓ ૭મી નવેમ્બરે મોટરરસ્તે નાગપુર જવા નીકળ્યા. ત્યાંથી છેક દક્ષિણમાં જઈ, ઉનાળો બેસતાં મુંબઈ પહોંચવાનું હતું. પ્રવાસમાં બાપુની દેખભાળ કરવાનું કામ મીરાંબહેનના હાથમાં આવ્યું. આ પ્રવાસમાં સનાતનીઓનો ઉશ્કેરાટ અને વિરોધ ક્યાંક ક્યાંક જોવા મળ્યા. પરંતુ એકંદરે અસર સારી થઈ. ચોમાસુ બેસે તે પહેલાં પ્રવાસી ટુકડી મુંબઈ આવી પહોંચી. હવે ઉત્તર ભારતની યાત્રા બાકી હતી.

## ૮

દરમિયાન બાપુના ધ્યેય વિશે ઊલટાસૂલટી વાત પશ્ચિમમાં સતત ચાલ્યા કરતી. આ સ્થિતિ સુધારવા ઇંગ્લન્ડ જઈને ત્યાંના મજૂરવર્ગ સાથે સંપર્ક કરવાની મીરાંબહેનને પ્રેરણા થઈ આવી. એમણે બાપુને વાત કરી. તેઓ તરત સંમત થયા. એટલે ૧૯૩૪માં બાપુના આદર્શ અને ધ્યેયની સાચી સમજ આપવા મીરાંબહેન ઇંગ્લન્ડ અને તે પછી અમેરિકાના પ્રવાસે ગયાં. લંડનમાં તેમણે લૉઇડ જ્યૉર્જ, લૉર્ડ હેલિફૅક્સ, જનરલ સ્મટ્સ, સર સૅમ્યુઅલ હોર અને વિન્સ્ટન ચર્ચિલની મુલાકાત લીધી. અમેરિકામાં તેમણે ન્યૂ યૉર્ક, ફિલાડેલ્ફિયા, વેસ્ટચેસ્ટર, બૉસ્ટન અને હાર્વર્ડ યુનિવર્સિટીઓમાં વ્યાખ્યાન આપ્યાં. વૉશિંગ્ટનમાં શ્રીમતી રૂઝવેલ્ટને મળ્યાં. આ પ્રવાસની સારી અસર થઈ. પ્રવાસેથી પાછાં

આવીને મીરાંબહેન, બાપુ પાસે, વર્ધા ગયાં. બાપુએ તે વખતે અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘની સ્થાપના કરી હતી અને કૉંગ્રેસ સાથે વિધિસરનો સંબંધ છોડી દીધો હતો.

વર્ધામાં જમનાલાલ બજાજે વીસ એકરની વાડીવાળું મોટું મકાન બાપુને અર્પણ કર્યું હતું. બાપુએ નવા સ્થાપેલા અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘની કચેરી આ મકાનમાં ફેરવી, આ સ્થળને 'મગનવાડી'નું નામ આપ્યું હતું. બાપુએ પોતાનો વસવાટ પણ વિનોબાના આશ્રમમાંથી બદલીને આ સ્થળે કર્યો હતો અને સંઘનું સંચાલન જે. સી. કુમારપ્પાને સોંપ્યું હતું. અહીં બાપુએ સોયાબીનનો પ્રયોગ કરેલો જે બાપુ સહિત કોઈને સદેલો નહીં.

વર્ધામાં દિવસો વીતતા ગયા તેમ મીરાંબહેનના જ્ઞાનતંતુઓ નબળા પડતાં જતા હતા. એનો ઉપાય શોધવા તેમણે વહેલી સવારે લાંબા અંતર સુધી ફરવાનું શરૂ કર્યું. આ ચાલણકાર્ય દરમિયાન સિંદી નામના ગામડામાંથી પસાર થવું પડતું. એ ગામની ગંદકીથી ઉબાઈને મીરાંબહેને બાપુને વાત કરી. એમાંથી જન્મ્યું સફાઈકામ. સફાઈકામનો વિસ્તાર વધતાં સેગાંવમાં રહેઠાણની જગ્યા પસંદ કરી અને કડવામીઠા અનુભવ ઝીલતાં ઝીલતાં બાપુનેય એ ગામમાં રહેવા આવવા તૈયાર કર્યા. બાપુનો જૂનો નિષેધ અહીં પણ ચાલુ હતો એટલે પોતાને માટે સેગાંવ નજીકના વરોડા ગામમાં રહેવાની વ્યવસ્થા કરી. અહીં અઠવાડિયામાં ફક્ત એક વાર બાપુને મળવા આવવાની છૂટ હતી, બાકીનો વખત ચિરસંગી જુદાઈ સાથે જ ગાળવાનો!

વરોડામાં, થોડા થોડા અંતરે, એમને તાવ આવવા માંડ્યો. બાપુને ફિકર થઈ એટલે રાંધવા માટે રોજ કોઈકને મોકલવાની વ્યવસ્થા કરી. મલેરિયાના આક્રમણે એમને લાંબો વખત પથારીવશ રાખ્યાં. એક દિવસ ફરવા નીકળેલા બાપુ તેમની જોડે બળદગાડી લેતા આવ્યા અને મીરાંબહેનને ગાડામાં નાખી આશ્રમમાં લઈ ગયા. આશ્રમના બીજા રહેવાસીઓમાં નાણાવટીભાઈ અને તે પછી બલવન્તસિંહ તાવમાં સપડાયા. એમની સારવાર કરવાનું કામ સાજાં થયેલાં મીરાંબહેન અને પ્યારેલાલને ફાળે આવ્યું. આશ્રમમાં રહેવા આવેલા બાદશાહખાનને પણ બાપુએ સારવાર ટુકડીમાં ભરતી કરી દીધા.

બાકી હતું ત્યાં મીરાંબહેનને ટાઈફોઈડ થયો. બાપુને ચિંતા પેઠી અને મીરાંબહેનની સારવારનું કામ તેમણે પોતાના હાથમાં લઈ લીધું. મીરાંબહેને ખૂબ વિરોધ કર્યો પણ બાપુએ એટલો જ જવાબ આપ્યો કે માંદાંની ચાકરી કરવામાં તેમને આનંદ આવે છે. તે વેળા સેગાંવમાં બીજી કોઈ બહેનો પણ ન હતી અને કોઈને બોલાવવાની બાપુની મરજી ન હતી એટલે બાપુએ કહ્યું: 'તું ચિંતા ન કરીશ.' તાવથી અસહાય બનતાં જતાં મીરાંબહેને વિરોધ જતો કરીને બાપુના અનંત આશીર્વાદ સમી સૌમ્ય અને પ્રેમાળ સારવારનો લાભ લીધો. ખૂબ નિયમિતતાથી બાપુ એમનું ધ્યાન રાખતા. રાત્રે એક વાગ્યે ઊઠીને તે મીરાંબહેનની ખબર કાઢવા જતા. તાવ અને માથું ફાટી જાય એવા દુખાવાને કારણે મીરાંબહેન ઊંઘી શકતાં ન હતાં. પડખું ફેરવવાની શક્તિ જ ઓસરી ગઈ હતી. એટલે મોટે ભાગે તેઓ જાગતાં પડી રહેતાં. રાત્રે તેમની પથારી બહાર ઓસરીમાં કરવામાં આવતી. એ ઓસરી તરફ, સફેદ ચાદર ઓઢીને ખાટલા પાસે આવતા બાપુને જોવા માટે જ તે જીવે છે એમ મીરાંબહેનને લાગતું હતું. નવાઈ એ હતી કે બાપુ એક પણ દિવસ આવવાનું ચૂકયા ન હતા! વળી કોઈક વાર બાદશાહખાન આવીને એમના મોટા પંજાથી માથું દબાવી જતા.

ટાઈફોઈડ થયાના તેરમા દિવસે બાપુએ હસતાં હસતાં મીરાંબહેનને કહ્યું: 'કાલે તો તારે આ તાવને ઉતારી જ દેવાનો છે.' અશક્ત અવાજે દરદીએ પૂછ્યું: 'ઊતરશે?' બાપુએ ભારપૂર્વક કહ્યું: 'તારે ઉતારવો જ જોઈએ.' અને ખરેખર તાવ ઊતરી ગયેલો!

૧૯૩૬ના ઑક્ટોબરમાં બાપુને બનારસ, રાજકોટ, અમદાવાદ જવાનું થયું. પાછા વળતાં તેઓ વડોદરામાં અબ્બાસ તૈયબજીના અવસાનનો ખરખરો કરી ચોથી નવેમ્બરે સેગાંવ પાછા આવ્યા. આવ્યા પછી તેમને મલેરિયા થયો અને તે મટ્યો તે પછી લોહીના દબાણે દેખા દીધી. દાક્તરોએ તેમને શાંત, એકાન્ત સ્થાને વસવાની સલાહ આપી તેને અનુસરી તેઓ મીરાંબહેનની કુટિરમાં રહેવા ગયા. આ વ્યવસ્થા, ૧૯૩૭ના જાન્યુઆરીમાં, હરિજનોના મંદિરપ્રવેશ માટે બાપુ દક્ષિણ હિંદના પ્રવાસે ગયા ત્યાં સુધી ચાલી. બાપુ પ્રવાસમાં હતા તે દરમિયાન મીરાંબહેને પોતાની ઝૂંપડીને બાપુનું કાયમનું રહેઠાણ બનાવી દેવાની યોજના ઘડી

અને જમનાલાલજીને બતાવી. જમનાલાલજીને એ વિચાર ગમ્યો તેથી તેનો તરત અમલ કરવાનો આદેશ આપી દીધો. બાપુના આવતાં પહેલાં એ કામ પૂરું થઈ ગયું. ઝૂંપડીમાં બાપુ માટે જરૂરી સગવડો કરવામાં આવી હતી અને ઝૂંપડી મજાની લાગતી હતી. બાપુએ પાછા આવીને આ જોયું અને બધાંને ઠપકો આપ્યો. પરંતુ ધીમે ધીમે એ ફેરફાર કોઠે પડી ગયો. સેવાગ્રામમાં ગાંધીજીની કુટિયા તરીકે પ્રખ્યાત બનેલું ઝૂંપડું આ રીતે અસ્તિત્વમાં આવ્યું.

સેગાંવમાં રહેવા છતાં અંદરની વેદના અને બહારની હેતુશૂન્યતા મીરાંબહેનના સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરતી હતી. આથી ૧૯૩૭ના ઉનાળામાં બાપુએ તેમને ડેલહાઉસીના ડૉ. ધર્મવીર પાસે મોકલી આપ્યાં. ત્યાં સુભાષચંદ્ર બોઝ પણ સારવાર અને હવાફેર માટે આવેલા. કોઈ કોઈ વાર સુભાષબાબુ અને મીરાંબહેન સાથે ફરવા જતાં. એક સંસ્કારી અને બુદ્ધિમાન વ્યક્તિ તરીકે તેમની સોબત મીરાંબહેનને ગમતી. અહીંના નૈસર્ગિક વાતાવરણમાં મીરાંબહેનમાં ચિત્રો દોરવાની ઇચ્છા ફરીથી જાગી અને બાપુએ તેને પ્રમાણી.

૧૯૩૭ના જુલાઈમાં મીરાંબહેન સેગાંવ પાછાં આવ્યાં. એ ટાણે દેશના અગિયાર પ્રાંતોમાંથી નવ પ્રાંતોમાં કૉંગ્રેસ સત્તા ઉપર આવી. બાપુને માથે કામનું ભારણ વધ્યું. લોહીના દબાણની તકલીફ હતી છતાં તેમને ઘણી મુસાફરી કરવી પડતી. સેગાંવનું રીતસરના આશ્રમમાં પરિવર્તન થવા લાગ્યું હતું. નવા નવા માણસો ઉમેરાતા જતા હતા. ગાંધીજીનાં અંગત કામો માટે જયપ્રકાશ નારાયણનાં પત્ની પ્રભાવતીદેવી, પતિયાળાના એક અમીર કુટુંબની યુવતી અમતુસ્સલામ, પ્યારેલાલની દાક્તર બનેલી નાની બહેન સુશીલા, કપુરથલાના રાજકુટુંબમાંથી આવેલાં અમૃતકૌર ઉપરાંત અન્ય કાર્યકરોમાં આર્યનાયકમ્ અને આશાદેવીનો ઉમેરો થયો હતો.

૧૯૩૮ના મે માસમાં બાપુએ વાયવ્ય સરહદપ્રાંતનો પ્રવાસ કર્યો અને ત્યાંથી દિલ્હી પહોંચ્યા. મીરાંબહેન આ બધો વખત સેગાંવમાં હતાં. બાપુની ગેરહાજરી દરમિયાન મીરાંબહેનને રોહનાના અવસાનના સમાચાર મળ્યા. હૃદય બંધ પડી જવાથી તેમનું અવસાન થયું હતું. બીજી બાજુએ, દેશ અને દુનિયામાં સંજોગો ઝડપથી બદલાતા જતા હતા. સત્તારૂઢ કૉંગ્રેસમાં બાપુના વિચારોથી ભિન્ન દિશાનો પ્રવાહ વહેતો થયો હતો.

યુરોપમાં કટોકટીનાં વાદળ ઘેરાતાં હતાં. હિટલરે ઝેકોસ્લોવેકિયા ઝડપી લીધું ત્યારે અહિંસક અસહકારનો પ્રયોગ કરવાની મીરાંબહેનને ઇચ્છા થઈ આવી. ગાંધીજીની સંમતિથી એક કાગળ લખી તેમણે ઝેકોસ્લોવેકિયાના નેતા બેનીસને સેગાંવ આવવા નિમંત્રણ આપ્યું. પોતે ઝેકોસ્લોવેકિયા જાય તો કેમ એવું બાપુને એમણે પુછાવ્યુંય ખરું. બાપુએ ત્યારે એમ કહ્યું: 'મને હતું જ કે તારા આત્માનો અવાજ આવશે. જો વ્યવસ્થા થઈ શકે તો તારે જરૂર જવું. મીરાંબહેન યુરોપ અવશ્ય ગયાં હોત પરંતુ તે અરસામાં બાદશાહખાનની મદદે કોઈકને મોકલવાની જરૂર બાપુને લાગી. બાપુની ચિંતા પારખી મીરાંબહેને આપમેળે પેશાવર જવાનું સ્વીકાર્યું. શિયાળો ત્યારે બરાબર જામેલો હતો. મીરાંબહેન પાસે પૂરતાં ગરમ કપડાં ન હતાં, અને બાદશાહખાનનું ઘર એટલી શિસ્ત અને કરકસરથી ચાલતું કે તાપવા માટે અગ્નિ પણ ભાગ્યે જ રાખવામાં આવતો.

મીરાંબહેન સ્ત્રી હોવાને કારણે બાદશાહખાને ક્યાંય એકલા જવાની મનાઈ ફરમાવેલી. એમાં બજારમાં જવાની તો વાત જ ક્યાં? થોડા દિવસ મીરાંબહેને એ સહી લીધું, પણ પછી તો એક સુંદર સવારે કોઈને કહ્યા વિના એ એકલાં એકલાં ફરવા નીકળી પડ્યાં. ગામડાના લોકો આશ્ચર્યથી એ જોતા અને મજાની રીતે સલામ કરતા. અહીં પઠાણોનું દૈનિક જીવન અને લડાયક જીવનશૈલી જોવાની તેમને સરસ તક મળી. સરહદ પ્રાન્તમાં ગરમી શરૂ થઈ એટલે મીરાંબહેને હજારા જિલ્લામાં જવાનો નિર્ણય કર્યો. ત્યાં પણ શરીર સ્વસ્થ ન રહ્યું એટલે સેગાંવ પાછાં ફર્યાં. ૧૯૪૦માં સેગાંવનું નામ બદલીને સેવાગ્રામ કરવામાં આવ્યું.

## ૯

મીરાંબહેન વાયવ્ય સરહદ પ્રાંતમાં હતાં તે દરમિયાન સરદાર પૃથ્વીસિંહ નામના એક જાણીતા ક્રાન્તિકારી બાપુ પાસે આવ્યા હતા. થોડા વખત પહેલાં એ પોલીસથી સંતાતા ફરતા હતા અને સ્વામીરાવને નામે તેમની કામગીરી કરતા. બાપુની સલાહથી તેઓ પોલીસના હવાલે થયેલા. તે દિવસથી બાપુ તેમની બિનશરતી મુક્તિ માટે પ્રયત્ન કરતા હતા. ૧૯૩૯ના સપ્ટેમ્બરની બાવીસમી તારીખે પૃથ્વીસિંહને વર્ધા જેલમાંથી મુક્ત

કરવામાં આવ્યા હતા એટલે બાપુને મળવા એ સેવાગ્રામ આવ્યા હતા. આ પડછંદ અને નીડર માણસને અચાનક બારણે આવેલા જોઈ બાપુએ તેમનું ઉમળકાથી સ્વાગત કર્યું. મીરાંબહેન એ પ્રસંગે હાજર હતાં. પૃથ્વીસિંહની સાહસકથાનું અંગ્રેજી મઠારવાનું મીરાંબહેનને સોંપવામાં આવ્યું. એ લખાણ વાંચતાં ગયાં તેમ તેમ તેમાં તેમને રસ પડવા માંડયો. લાહોર કાવતરા કેસનું વર્ણન, પૃથ્વીસિંહ અને તેમના સાથીઓને થયેલી મોતની સજા, એ સજાનું આજીવન કેદમાં રૂપાંતર, આંદામાનના જેલજીવનનું વર્ણન, બીજી જેલોમાં થયેલી બદલીઓ, પગે લોઢાની સાંકળ બાંધેલી હોવા છતાં ચાલતી ગાડીએ પૃથ્વીસિંહે મારેલો કૂદકો, ફરી ધરપકડ, ફરી નાસભાગ અને ભૂગર્ભવાસની કહાણી એ બધું ખૂબ ભવ્ય અને રોમાંચક હતું. આવું જીવન જીવનાર વ્યક્તિ કોઈને પણ અભિભૂત કરી શકે. વળી પૃથ્વીસિંહ છૂટયા પછી સેવાગ્રામમાં ઘણો વખત ગાળતા. મીરાંબહેનને તેમની સાથે ગોઠતું અને તેમની નિખાલસ-નીડર વર્તણૂકથી આનંદ થતો. એમાંથી આકર્ષણ જન્મ્યું અને કોઈકની સાથે બહાર રહીને કામ કરી શકાય એવું વ્યક્તિત્વ તેમને પૃથ્વીસિંહમાં દેખાયું. આ ભાવના તીવ્ર બની એટલે એમણે બાપુને વાત કરી. બાપુએ કહ્યું: 'તને એમ લાગતું હોય તો તારે લગ્ન કરી લેવું જોઈએ. લગ્ન એ જ કદાચ તારા જીવનનું ન કાઢેલું વેણ છે.'

મીરાંબહેન ડઘાઈ ગયાં. કંઈ બોલી ન શકયાં. એમનો અચંબો પારખીને બાપુએ ફરી કહ્યું: 'આજીવન કુંવારા રહેવાનો, પહેલાં કરેલો નિર્ણય, તારા માર્ગમાં આડો ન આવવો જોઈએ. મારા મત પ્રમાણે તું એ વ્રતમાંથી મુક્ત છે.' મીરાંબહેનનું મન ચગડોળે ચઢયું. બાપુ કહેતા હતા તે કદાચ સાચું હોય. એ માર્ગે ઝંપલાવવાથી પોતે કંઈ કામનાં બને ખરાં? બાપુએ તો ફરી સહજ નિશ્ચયાત્મક રીતે કહી દીધું, 'હું એને વાત કરીશ.' આખી વાત પાંચ મિનિટથી વધુ ચાલી નહીં. મીરાંબહેનનો તો જાણે શ્વાસ જ અધ્ધર થઈ ગયો. બીજી બાજુએ ક્ષણભર અપાર સુખ પણ અનુભવ્યું.

પૃથ્વીસિંહે બાપુના અને અન્યના સૂચનનો સામનો કર્યો. અંગ્રેજો સામેની સૂગ એ, કદાચ, એક કારણ હોઈ શકે. એમણે ડહાપણપૂર્વક, તેમના પરમ મિત્ર અને આંદામાનની જેલના સાથી પંડિત જગતરામ

ભારદ્વાજને મળવાની ભલામણ કરી. એકવીસ વર્ષના કારાવાસમાંથી છૂટેલા પંડિત જગતરામ હોશિયારપુર પાસે હરિયાણામાં રહેતા હતા. બાપુની રજા લઈ મીરાંબહેન ત્યાં ગયાં. જગતરામ અત્યંત ઉમદા અને રસિક માણસ લાગ્યા. બન્નેએ ખૂબ વાતો કરી અને મીરાંબહેનને ઘણું આશ્વાસન મળ્યું.

હરિયાણાથી મીરાંબહેન શિવાલિક ટેકરીઓમાં આવેલા ઓએલ ગામના નાનકડા આશ્રમમાં ગયાં. અહીં એક ઝૂંપડી બાંધી તેમણે રહેવા માંડ્યું. શિયાળો પૂરો થયો અને ઉનાળો બેઠો એટલે મીરાંબહેન કનૈયાલાલ બુટેલને ત્યાં રહેવા ગયાં. કાંગડા જિલ્લામાં, પાલમપુરની પાસે લગભગ ચાર હજાર ફૂટની ઊંચાઈએ, તેમના ચાના બગીચા હતા. લાલાજી પોતે પણ માયાળુ, હસમુખા અને સાફદિલના સજ્જન હતા.

આમ બાહ્ય પ્રવૃત્તિઓ ચાલ્યા કરતી હતી પણ અંતરમાં દર્દ અને બેચેની ભારોભાર પડેલાં હતાં. પોતે ક્યાં અને કઈ દિશામાં જઈ રહ્યા છે તેની ખબર પડતી ન હતી. ચોમાસું બેઠું એટલે મીરાંબહેન પાછાં સેવાગ્રામ આવ્યાં. પોતાને ઘેરી વળેલી મનોયાતનાથી મુક્ત થવા એમણે મૌન લેવાનું વિચાર્યું. ઈશ્વર તરફથી કંઈ માર્ગદર્શન મળે નહીં ત્યાં સુધી પ્રાર્થના અને ચિંતનમાં સમય ગાળવો, ક્યાંક જંગલમાં જઈને રહેવું, છાપાં ન જોવાં, બાપુ સિવાય બીજા કોઈની સાથે પત્રવ્યવહાર ન કરવો, રોજના હજાર વાર કાંતવું, એવા એવા સંકલ્પોથી એમનું મન ઊભરાઈ રહ્યું.

બાપુ પાસે જઈને તેમણે આ બધી વાત કરી. મીરાંબહેનના વિચારો સાથે તેઓ સંમત થયા અને રહેવા માટે, જંગલમાં આવેલી કનૈયાલાલ બુટેલની જાગીર તેમણે પસંદ કરી. આથી ૧૯૪૦ના સપ્ટેમ્બરમાં મીરાંબહેન ફરી પાલમપુર ગયાં. દિવસો જતાં, આસપાસના આરણ્યક વાતાવરણથી મીરાંબહેનને સાંત્વન મળ્યું અને હૃદય પ્રફુલ્લિત થયું. અહીં ઝાડપાન, પંખીઓ અને ઝરણાંની સોબતમાં રહી તેમણે ઋગ્વેદનું વાંચન શરૂ કર્યું. એમાંથી એમને બળ મળવા માંડ્યું.

૧૯૪૧ના ફેબ્રુઆરીમાં તેઓ સેવાગ્રામ, બલકે સેવાગ્રામ પાસેના એમના વરોડાના રહેઠાણમાં, પાછાં આવ્યાં. મુસાફરીમાં મૌનવ્રત તોડવું પડેલું તે ફરી સાંધી લીધું.... ફેર એટલો જ હતો કે રોજ અડધો કલાકની

મૌનમુક્તિને બદલે, અઠવાડિયામાં બે વખત જ્યારે બાપુને મળવા જતાં ત્યારે લગભગ વીસેક મિનિટ બોલતાં. એપ્રિલ માસમાં સખત ગરમી પડવા માંડી ત્યારે બાપુએ તેમને જૂનાગઢ રાજ્યમાં આવેલા ચોરવાડમાં, એક મિત્રની વાડીએ રહેવા મોકલ્યાં. અહીં મોર અને ઢેલ, દરિયાના પથરાળા ખડકોના એકાંત કિનારા અને મોજાંઓની રમણામાંથી અપાર શાંતિ અને સુખ પ્રાપ્ત થયાં.

આ જ વર્ષે, મેની બાવીસમી તારીખે બાપુએ એમને લખ્યું:

'લંડનથી કોઈ પૂછે છે કે તું મારી સાથેનો બધો સંબંધ તોડી દૂર રહેવા ગઈ છે એ સમાચારો સાચા છે? વિચારો કેટલે બધે અંશે ઈચ્છામાંથી જન્મે છે.!!'

વરસાદની ઋતુમાં મીરાંબહેન સેવાગ્રામ આવ્યાં અને આશ્રમથી અડધો-એક માઈલ દૂર ઝૂંપડું બાંધીને રહ્યાં. મૌન ચાલુ હતું. ઋગ્વેદનો અભ્યાસ ચાલતો હતો. એમાંથી ગમતી ઋચાઓના અનુવાદનું કામ આરંભ્યું. એ અનુવાદ રોજ રોજ બાપુને મોકલતાં અને બાપુ, 'ઘણું રસિક છે', 'છેવટે આ એક સારો સંગ્રહ થશે.' જેવો પ્રતિભાવ લખી મોકલતા. આ જ ઝૂંપડીમાં દેડકાં, વીંછી, સાપ ઈત્યાદિની સંગત ચાલતી. સમયની સાથે સાથે વેદ માટેની એમની ભક્તિ વધતી ગઈ. કોઈ પંડિતે તેનો અર્થ મીરાંબહેનને સમજાવ્યો નહતો. પરંતુ હજારો વર્ષ પૂર્વે માનવ-હૃદયમાંથી જે નૈસર્ગિક કારણે ઋચાઓ પ્રગટી હતી તે જ તત્ત્વો મારફત વેદ એમના હૃદયમાં પ્રવેશ કર્યો હતો.

## ૧૦

મૌન લીધાને વરસ કરતાંય વધારે સમય વહી ગયો હતો. હવે મૌનમુક્ત થઈ રોજિંદા કામમાં પરોવાઈ જવાની ઘડી આવી ગઈ છે એમ એમના મનમાં થવા માંડ્યું હતું. બરાબર એ જ સમયે આશાદેવી આર્યનાયકમે મીરાંબહેનને પોતાના ઘરમાં રહેવા આવવા કહ્યું. આ નિમંત્રણે એક વિચિત્ર વેદના જગાડી. મીરાંબહેનની આંખોમાં આંસુનાં નિર્બંધ પૂર વહી આવ્યાં. મૂંગી કૃતજ્ઞતાથી એમણે એ ઈજન સ્વીકારી લીધું.

મીરાંબહેને મૌનવ્રત છોડ્યું તે ૧૯૪૧-૪૨ના ગાળામાં દેશનું વાતાવરણ ડામાડોળ હતું. જાપાનીઓ બર્મામાં આગળ વધી રહ્યા હતા. ૧૯૪૨ના

જાન્યુઆરીમાં કૉંગ્રેસની કાર્યવાહક સમિતિએ બાપુને દેશનું નેતૃત્વ સ્વીકારવા કહ્યું. માર્ચમાં અંગ્રેજ સરકારે સર સ્ટ્રેફર્ડ ક્રિપ્સની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળ મોકલ્યું. મૌનમુક્ત મીરાંબહેનને, કમલાદેવી ચટ્ટોપાધ્યાય અને મૃદુલા સારાભાઈએ નવસારીમાં મહિલાશિબિરની વ્યવસ્થા માટે બોલાવ્યાં. માર્ચની આખરમાં એ નવસારી ગયાં. નવસારી રહ્યે રહ્યે પણ દેશની પરિસ્થિતિ અને હિલચાલ એ ઝીણવટથી જોતાં હતાં. બાપુના લેખો અને મુલાકાતોના હેવાલથી જાગૃતિ આવતી જતી હતી. જાપાન હિંદ ઉપર હુમલો કરે તો શું કરવું તેની મતભેદભરી ચર્ચા કૉંગ્રેસમાં અને બીજાં વર્તુળોમાં ચાલતી હતી. ઘટનાઓની ખેંચની વચ્ચે મીરાંબહેને એક લાંબો પત્ર બાપુને લખ્યો. પત્રને અંતે તેમણે વિનંતી કરી કે અલાહાબાદમાં મળનારી કૉંગ્રેસની કારોબારી સમિતિમાં અને મહાસમિતિમાં જવાની તેઓ રજા આપે તો પડદા પાછળ રહીને, પોતાની વાત અન્ય નેતાઓ સમક્ષ તે મૂકી શકે. તેના જવાબમાં બાપુએ તાર કર્યો: 'તને એ રીતે ઠીક લાગતું હોય તો તરત આવ.' નવસારીનો શિબિર પૂરો થવા આવ્યો હતો એટલે યોજકોએ મીરાંબહેનને જવાની છૂટ આપી. નીકળતાં પહેલાં, ૨૦મી એપ્રિલે બાપુનો નાનકડો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું:

> 'તારો પત્ર મળ્યો. તને આવવા દઉં અને શું થઈ શકે તેમ છે તે જોઉં એમ મને થાય છે. જે કામ તું માથે લઈ રહી છે તેમાં બીજો વિચાર કરવાને અવકાશ નથી. તને તાર કર્યો છે તે મળશે કે કેમ, કોણ જાણે? આજકાલ બધું અનિશ્ચિત થઈ ગયું છે.'

મીરાંબહેન સેવાગ્રામ આવ્યાં અને બાપુની કુટિરમાં પ્રવેશ કર્યો તે વેળા, કટોકટી વખતે બાપુના ચહેરા પર ચમકી ઊઠતી પ્રતિભાનું તેજ નજરે પડ્યું. તેમણે ટાઈપ કરાવેલા બે કાગળો મીરાંબહેનને આપ્યા અને કહ્યું: 'આ વાંચી જા. એમાંની વાત જો તારા ગળે ઊતરે તો બીજી જ ગાડીમાં તારે અલાહાબાદ જવાનું છે. તે દરમિયાન હું તારી સાથે એકબે કલાક વાત કરીશ કે જેથી કારોબારી સમિતિના સભ્યોને મારા મનની સ્થિતિ તું સ્પષ્ટ રીતે સમજાવી શકે. હું મહાદેવ અથવા બીજા કોઈને અલાહાબાદ મોકલતો નથી.'

મીરાંબહેને બીજા દિવસની સવારની ગાડી પકડી. સાથે ઠરાવની ત્રણ નકલો હતી. જેમાંના બે ઠરાવો સાથે ગાંધીજીએ જવાહરલાલ તથા તે વખતના કૉંગ્રેસપ્રમુખ મૌલાના આઝાદ ઉપર પત્રો લખ્યા હતા. ત્રીજી નકલ મીરાંબહેનના પોતાના ઉપયોગ માટે હતી. ગાડી અલાહાબાદ પહોંચી ત્યારે મધરાત થઈ ગઈ હતી. પ્લેટફૉર્મ ઉપર ઘણા લોકોની વચ્ચે જવાહરલાલ પણ હતા. મીરાંબહેનને જોઈને, 'અરે, મીરાં!' એમ કહી આશ્ચર્ય પ્રગટ કર્યું. કાર્યવાહક સમિતિના કોઈ સભ્યો છે કે નહીં તે જોવા માટે પ્લેટફૉર્મ ઉપર તેમણે નજર નાખી લીધી. પછી મીરાંબહેનને લઈ આનંદ ભવન પહોંચ્યા. આખે રસ્તે તેઓ મૂંગા જ રહ્યા. ઘેર જઈને પત્ર વાંચ્યો. મૌલાના સાહેબ ઉપરનો પત્ર પણ માગી લીધો અને કહ્યું, 'એ વિશે શું કરવું તેનો નિર્ણય મૌલાના સાહેબ કરશે. અત્યારે તો તમે સૂઈ જાઓ. ઘરમાં ભીડ ઘણી છે, પણ મને લાગે છે કે મૃદુલાના ઓરડામાં એક ખાલી ખાટલો છે.'

બીજા દિવસની કારોબારીમાં ગરમાગરમ ચર્ચા ચાલી. યોગાનુયોગ બે ભવનો સામસામી દિશામાં આવી ગયાં હતાં. જેમનો ઉતારો સ્વરાજ ભવનમાં હતો તે બધા બાપુની તરફેણમાં હતા જ્યારે આનંદ ભવનમાં ઊતરેલા, ઓછાવત્તા વિરોધમાં હતા. મૌલાના આઝાદના કહેણથી મીરાંબહેને સભ્યો સમક્ષ આવી બાપુની મનઃસ્થિતિ સમજાવી. બે દિવસની ચર્ચાને અંતે સર્વસંમત ઠરાવ ઘડાયો. આ ઠરાવ મહાસમિતિ સમક્ષ મુકાયો અને પસાર થઈ ગયો. કૉંગ્રેસની બેઠકો પૂરી થયા પછી રાજેન્દ્રબાબુ, પ્રફુલ્લચંદ્ર ઘોષ અને શંકરરાવ દેવ સુધારેલો ખરડો લઈ, મીરાંબહેનની સાથે સેવાગ્રામ ગયા અને તે બાપુના હાથમાં મૂક્યો. ગાંધીજીને એનાથી બહુ સંતોષ ન થયો, છતાં તેમણે સ્વીકાર્યું કે, 'આનાથી પણ મને કામ કરવાનો પૂરો અવકાશ તો રહે છે, એટલે ચલાવી લઈશ.'

બાપુએ, હવે, બધાંને આગે બઢવાનો આદેશ આપી દીધો. રાજેન્દ્રબાબુ, પ્રફુલ્લ ઘોષ અને શંકરરાવ દેવે આગામી જંગ માટે પોતપોતાના પ્રાંતોને તૈયાર કરવાના હતા. બાપુએ મીરાંબહેનને કહ્યું: 'તને ત્રણ કામોમાંથી એક પસંદ કરવાની તક આપું છું. ૧. મદ્રાસ જઈને રાજાજીને સમજાવ. (એ વખતે રાજાજી અને કૉંગ્રેસ વચ્ચે કેટલીક બાબતોમાં મતભેદ હતો.) ૨. દિલ્હી જઈ વાઈસરૉય અને બીજા અંગ્રેજ અમલદારો સાથે દલીલ

કર, અને ૩. ઓરિસ્સા જઈ જાપાની હુમલા સામે અહિંસક અસહકાર કરવા લોકોને તૈયાર કર. મીરાંબહેને ત્રીજી દરખાસ્ત સ્વીકારી ઓરિસ્સા જવા પસંદ કર્યું અને હરેકૃષ્ણ મહેતાબની સાથે કામગીરીની યોજના કરી. આ યોજનાની વિગતો અને અમલની જાણકારી તેઓ ગાંધીજીને પહોંચાડતાં રહ્યાં. ૧૯૪૨ના જુલાઈ માસમાં કૉંગ્રેસની કારોબારી સમિતિ વર્ધામાં મળવાની હતી. તેમાં હાજર રહેવા માટે મીરાંબહેન અને મહેતાબ સેવાગ્રામ આવ્યાં. આ બેઠકમાં, છેલ્લા દિવસે 'હિંદ છોડો'નો ઠરાવ થયો. બેઠકને અંતે મીરાંબહેન ઓરિસ્સા જવા ધારતાં હતાં, પણ ગાંધીજીએ લૉર્ડ લિનલિથગો સાથે મુલાકાત ગોઠવવા અને તેમનું મંતવ્ય વાઈસરૉયને મોઢામોઢ કહી સંભળાવવા મીરાંબહેનને દિલ્હી મોકલ્યાં. વાઈસરૉય કંઈ વિફરેલા હતા, એટલે વાઈસરૉયના અંગત મંત્રી લેઈથવેઈટે પહેલાં પોતાને મળવા સૂચવ્યું. દિલ્હીના નિવાસ દરમિયાન જાપાનીઓના અહિંસક પ્રતિકારની પોતાની કામગીરી અંગે લશ્કરના જનરલ હાર્ટલે, લૉર્ડ હાર્ટલે અને જનરલ મોલ્સવર્થને મળ્યાં. લશ્કર અને લોકોની વચ્ચે કંઈક સંબંધ જોડી શકવાની ભાવનાને બળ મળે એવી વાતચીત થઈ.

૧૯૪૨ના ઑગસ્ટ માસમાં કૉંગ્રેસની મહાસમિતિની બેઠક મુંબઈમાં મળવાની હતી. તેમાં સમયસર પહોંચવા મીરાંબહેને દિલ્હી છોડ્યું અને મુંબઈ જઈ બાપુને મળ્યાં. અહીં નવી લડતની તૈયારીઓ ચાલતી હતી. ૮મી ઑગસ્ટ, ૧૯૪૨ના દિવસે 'હિંદ છોડો'નો ઠરાવ મહાસમિતિમાં પસાર થયો. લોકોનો ઉત્સાહ અપાર હતો. લડતનો આરંભ થાય ન થાય ત્યાં તો ગાંધીજી અને મહાદેવભાઈની સાથે મીરાંબહેનની ધરપકડ કરવામાં આવી. એ ત્રણેને પૂનાના આગાખાન મહેલમાં લઈ જવામાં આવ્યાં. એકબે દિવસમાં કસ્તૂરબા, સરોજિની નાયડુ અને ડૉ. સુશીલા નય્યરને પણ તેમની સાથે મૂકવામાં આવ્યાં. આ જ આગાખાન મહેલમાં મીરાંબહેને, મહાદેવભાઈ અને કસ્તૂરબાની આંખો મીંચાતી જોઈ. આગાખાન જેલના વિષાદભર્યા દિવસોને અંતે ૧૯૪૪ના મે માસની પાંચમી તારીખે મીરાંબહેન બાપુના ખાટલાની પાસે બેસીને તેમને કંઈક સંભળાવતાં હતાં ત્યાં ઈન્સ્પેક્ટર જનરલે આવી સહુના છુટકારાના સમાચાર આપ્યા. જેલમાંથી છૂટ્યા પછી મીરાંબહેન થોડોક વખત જૂહુમાં બાપુની સાથે રહ્યાં.

## ૧૧

આગાખાન મહેલમાં હતાં ત્યારે જ મીરાંબહેને જેલમાંથી છૂટચા પછી, ઉત્તર હિંદના કોઈ અનુકૂળ સ્થળે, પોતાનું નાનું કેન્દ્ર શરૂ કરવા વિશે બાપુ સાથે ચર્ચા કરી લીધી હતી. બાપુએ એકસામટી રકમની જોગવાઈ પણ તે માટે કરી આપી. આ નવા પ્રસ્થાનના પહેલા ચરણમાં મીરાંબહેને રૂડકી અને હરદ્વારની વચ્ચે આવેલા મૂલદાસપુર ગામની પસંદગી કરી, ઝૂંપડીઓ બાંધી અને પરિવેશને 'કિસાન આશ્રમ'નું નામ આપ્યું. કિસાન આશ્રમનો વિકાસ ઝડપથી થયો તેમાં કાર્યકરો પણ આવતા ગયા.

૧૯૪૬માં જુદા જુદા પ્રાંતોમાં મંત્રીમંડળો રચાયાં. કિસાન આશ્રમ ઉત્તર પ્રદેશમાં હતો. મીરાંબહેન સમાજવિકાસનું કામ કરતાં હતાં. તેનો લાભ લેવા પંડિત ગોવિંદવલ્લભ પંતની સરકારે તેમને સમાજવિકાસ પ્રવૃત્તિનાં સલાહકાર બનાવ્યાં. ૧૯૪૭માં તેમણે હૃષીકેશ પાસે 'આશ્રમ પશુલોક' સ્થાપ્યાં. અને 'બાપુગ્રામ' નામે એક વસાહત ઊભી કરી. તેમની હંમેશની નાજુક તબિયત નરમગરમ રહ્યા કરતી હતી. એક વાર ઘોડેસવારીમાં બેભાન થઈ ગયેલાં, એટલે દિલ્હી જઈ દાક્તરી તપાસ કરાવી લેવાનું તેમને મન થયું. દાક્તરી તપાસમાં કશી ચિંતાજનક આગાહી ન હતી એટલે દિલ્હીમાં પોરો ખાઈને આશ્રમ પશુલોકમાં, જવાનું વિચારતાં હતાં. એમાં ખૂબ ખતરનાક મલેરિયાના આક્રમણે તેમને રોકી પાડચાં. એમનો મુકામ દિલ્હીના બિરલા હાઉસમાં હતો. દિલ્હી રમખાણગ્રસ્ત હતું. મીરાંબહેનને પથારીમાં પડચાં પડચાં બંદૂકોના ધડાકા સંભળાતા. એમને તપાસવા આવનાર દાક્તર પણ ગોળીનો ભોગ બન્યા હતા. બીજી બાજુ પંજાબ સળગતું હતું. માઉન્ટબેટન અને જવાહરલાલ બાપુને પંજાબ આવવાનું કહ્યા કરતા હતા. તેવામાં 'બાપુ આવે છે' એવા સમાચાર બિરલા ભવનમાં આવ્યા. એ ભવનના ખૂણાનો એક ઓરડો બાપુ માટે તૈયાર કરવામાં આવ્યો.

બાપુ આવ્યા. નાજુક અને સુકાઈ ગયેલા હોવા છતાં તેઓ ઉત્સાહથી સભર દેખાતા હતા. મીરાંબહેનને અનાયાસ તેમની સાથે રહેવાની તક મળી ગઈ. થોડા દિવસ પછી મીરાંબહેને બાપુને પૂછચું કે પશુલોક પ્રાણીકેન્દ્ર તૈયાર થઈ જાય ત્યારે તેના ઉદ્‌ઘાટન માટે તેઓ આવશે

કે નહીં? બાપુએ જવાબ આપતાં કહેલું: 'એક મડદાની ઉપર મદાર બાંધવાનો શો ફાયદો છે?'

૧૯૪૮ના ડિસેમ્બરની ૧૮મી તારીખે મીરાંબહેન આશ્રમ પશુલોકમાં પાછાં ફર્યાં. દિલ્હીમાં ફરી કોમી રમખાણ ચાલુ થયાં હતાં. ૧૬ જાન્યુઆરી, ૧૯૪૮ના પત્રમાં બાપુએ ઉપવાસ શરૂ કર્યાની જાણ કરી હતી અને પત્રને અંતે લખ્યું હતું કે :

'હું ઉપવાસ કરું છું એટલે અહીં દોડી ન આવતી. હું જેને યજ્ઞ કહું છું તેના નિયમ પ્રમાણે દરેક સ્ત્રીપુરુષે પોતાને સ્થાને રહીને જ પોતાની ફરજ બજાવવી જોઈએ. મોટી સંખ્યામાં લોકો આ પ્રમાણે વર્તે તો હું કસોટીમાંથી જરૂર પાર પડીશ. ઈશ્વરમાં ભરોસો રાખીને જ્યાં છે ત્યાં જ રહેજે.'

ત્રણ દિવસમાં જ આ યજ્ઞનું પરિણામ દેખાયું. દિલ્હીમાં શાંતિ સ્થપાવા માંડી. ત્યાં તો ૨૦મી જાન્યુઆરીએ બાપુની સાયંપ્રાર્થના વખતે બૉમ્બ ફૂટ્યાના સમાચાર આવ્યા. દસેક દિવસ પછી, ૩૦મી જાન્યુઆરીએ, કેન્દ્ર સરકારના એક અધિકારી ગોશાળાના મકાન માટે મીરાંબહેને સૂચવેલી જગ્યા જોવા આવ્યા. એમને સ્થળ બતાવીને મીરાંબહેન સાંજે પાછાં આવ્યાં અને વાળુ કરવા બેઠાં. ત્યાં એક જીપ ધસમસતી દરવાજે આવીને ઊભી રહી. પશુલોકના કેટલાક કાર્યકરો અને અધિકારીઓ તેમાંથી કૂદીને મીરાંબહેન પાસે દોડ્યા. એમાંથી દબાયેલા ડૂસકાભર્યા અવાજે કોઈકે કહ્યું: 'બાપુની હત્યા કરવામાં આવી છે. પ્રાર્થનાના મેદાનમાં તેમને ગોળીથી ઠાર કરવામાં આવ્યા!'

મીરાંબહેન અવાચક થઈ ગયાં. લાગણીના આવેશથી જાણે મૂર્છા ન આવી હોય! એમના વિષાદભર્યા મનમાં થયું: 'બાપુ, બાપુ આખરે આ વસ્તુ બન્યે જ રહી!' એમણે ઊંચે આકાશમાં જોયું તો વૃક્ષોનાં ઝુંડ વચ્ચે દૂરના તારા ચમકી રહ્યા હતા. મીરાંબહેનને લાગ્યું કે બાપુ ત્યાં જ છે. હા, ત્યાં અને તેમની પોતાની પાસે પણ. બધું જાણે એકરૂપ થઈ ગયું હતું.

મીરાંબહેન ઘરમાં ગયાં અને ટટ્ટાર ધ્યાનમાં બેઠાં. રાત્રિના પહેલા પહોરમાં હૃષીકેશના લોકો તેમને દિલ્હી લઈ જવા આવ્યા. મીરાંબહેનને બાપુના શબ્દો યાદ આવ્યા: 'ઈશ્વરમાં ભરોસો રાખ અને જ્યાં છે

ત્યાં જ રહે.' સાત વર્ષ પહેલાં લખેલા બીજા શબ્દો પણ સ્મરણમાં તરી આવ્યા: 'આખરી દર્શનનો કોઈ અર્થ નથી. જે આત્માને તું ચાહે છે તે તો હંમેશાં તારી સાથે જ છે.' આવેલા લોકોનો આભાર માની મીરાંબહેને કહ્યું: 'હું છું ત્યાં જ રહીશ.'

એમણે જ્યાં હતાં ત્યાં પલાંઠી વાળીને ૧૯૫૯ સુધી કામ ચાલુ રાખ્યું. ૧૯૫૨માં ભીલંગણામાં 'ગોપાલ આશ્રમ'ની સ્થાપના કરી. ૧૯૫૪થી ૫૭નાં વર્ષોમાં કાશ્મીરમાં ગોઉછેરની પ્રવૃત્તિ હાથ ધરી. બાપુની વિદાય પછીનો આખો દાયકો મીરાંબહેન ગળાબૂડ પ્રવૃત્તિમાં રહ્યાં. તેમ છતાં ઊંડે ઊંડે એ સમય એક પ્રકારના જીવતા મોતની અવસ્થામાં વીત્યો હતો. તેમની સામેથી દિશાઓ ઓગળી ગઈ હતી.

એક દિવસની ટપાલમાં પેરિસથી એક પાર્સલ આવ્યું. એ ઉઘાડીને જોયું તો તેમાં રોમાં રોલાંની એક પુસ્તિકા તેમનાં વિધવાએ મોકલી હતી. તેમણે ચોપડી આખી વાંચી નાખી. આ ગાળામાં એમનાં જીવન-સ્મરણો એ લખતાં હતાં. ૧૯૩૧માં, રોમાં રોલાં સાથે, બાપુ વિલેનવમાં રહ્યા હતા ત્યારે રોલાંએ, સંગીતકાર બિથોવન ઉપરની કેટલીક પુસ્તિકાઓ મીરાંબહેનને આપી હતી. આજ સુધી એ પેટીમાં પુરાઈને પડેલી હતી. એ ચોપડીઓ કાઢી મીરાંબહેને વાંચવા માંડી. એ વંચાતી ગઈ તેમ તેમ અંદરથી કંઈક સંચાર થવા લાગ્યો. પૂર્વાવસ્થાની બેચેની અને વ્યગ્રતા હવે નિ:શેષ થઈ ગયાં હતાં. ભારતમાં રહેવાનું પ્રયોજન પણ પૂરું થઈ ગયું છે એમ એમને લાગવા માંડ્યું હશે. જેમના અનવરુદ્ધ સાદે એમને ભારતમાં આવવાની પ્રેરણા આપી હતી તે સદેહે હયાત ન હતા. અને આત્માના અનુસંધાન માટે સ્થળકાળની જરૂર ભાગ્યે જ રહેતી હોય છે.

૧૯૫૯માં મીરાંબહેને ભારત છોડ્યું. થોડોક વખત એ ઇંગ્લેન્ડમાં જઈને રહ્યાં પરંતુ તેમના જીવનનું અંતિમ ચરણ બન્યું વિયેના.

## ૧૨

૧૯૬૯ એ હતું ગાંધીજન્મશતાબ્દીનું વર્ષ. એની ઉજવણી લંડનમાં થવાની હતી ત્યારે લૉર્ડ માઉન્ટબૅટનને, ગાંધીજી વિશે વાત કરવા મીરાંબહેનને બોલાવેલાં. એમણે એ પ્રસંગનું વર્ણન, પોતાના સેવાગ્રામના સાથી, બલવન્તસિંગને લખી મોકલેલું. સાથે એક પત્ર પણ બીડચો હતો. એ વર્ણન તથા પત્ર, બલવન્તસિંગે પોતાના પુસ્તકમાં મીરાંબહેનને સ્મરણાંજલિ આપતા લખાણમાં ઉતાર્યાં છે તે આ પ્રમાણે :

'સાત હજાર માણસોથી (આલ્બર્ટ) હૉલ ખીચોખીચ ભરેલો હતો. રાજકુમાર, વડા પ્રધાન અને મોટા મોટા માણસો હાજર હતા. રામધૂન કરવામાં આવી. સરસ ભાષણો થયાં. બાપુનાં લખાણોમાંથી મહત્ત્વના ભાગોનું પઠન કરવામાં આવ્યું. કવિવર રવિબાબુનાં કેટલાંક ગીતો વંચાવ્યાં. રાત્રિના ત્રણ વાગી ગયા હતા. મેં જે કહ્યું તેનું વર્ણન માઉન્ટબૅટનના પત્રમાં છે. એ પત્ર આ સાથે મોકલું છું. – મીરાં'

* * * *

પ્રિય મીરાંબહેન,

મેં જ્યારે ગાંધીજન્મશતાબ્દી માટે, ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમ માટે તમને નિમંત્રણ મોકલ્યું, અને તમે તેનો સ્વીકાર કર્યો ત્યારે આશા એવી રાખી હતી કે તમે ગાંધીજીનાં વિશિષ્ટ સંસ્મરણો કહી સંભળાવશો. પરંતુ ૨૧મી ઑક્ટોબરે, અહીં, લંડનના રૉયલ આલ્બર્ટ હૉલમાં તમે જે દૃશ્ય ખડું કર્યું, કહેવા જેવી વાતો કહી સંભળાવી, તે મારી ઊંચામાં ઊંચી અપેક્ષાથી વધારે ઊંચી અને ઊંડી હતી. સમગ્ર શ્રોતાગણ મંત્રમુગ્ધ થઈ ગયો હતો. તમારા વકતવ્ય સામે બીજાં વ્યાખ્યાનો ફિક્કા પડી ગયાં હતાં. તમારી વાતો અજોડ, અપૂર્વ અને સર્વથા યોગ્ય હતી....

ફરીથી અનેક ધન્યવાદ.

આપનો

માઉન્ટબેટન ઑફ બર્મા

## ૧૩

મીરાંબહેનની જીવનયાત્રાનાં પહેલાં તેત્રીસ વર્ષ ઇંગ્લન્ડમાં, પછીનાં ચોત્રીસ વર્ષ ભારતમાં અને ૨૦ જુલાઈ, ૧૯૮૨ના દિવસે તેમનું અવસાન થયું ત્યાં લગીનાં ત્રેવીસ વર્ષ એમણે વિયેનામાં ગાળ્યાં હતાં. એમને છેક બાળપણથી પ્રેરતો અગમ્ય નાદ ત્રણ મહાપુરુષો તરફ દોરી લઈ ગયો હતો. એ મહાપુરુષો હતા: બિથોવન, રોમાં રોલાં અને મહાત્મા ગાંધી. તેમાંય જિંદગીનાં ઉત્તમ વર્ષો એમણે ગાંધીજીને ચરણે ધર્યાં હતાં. ગાંધીજીના શિસ્તબદ્ધ પરિવેશમાં અનાયાસ સમાવી શકે તેવી સજ્જતા લઈને તેઓ ભારતમાં આવેલાં. એમના ભાથામાં પ્રકૃતિપ્રેમ ભારોભાર પડેલો હતો. એકાન્ત એમનો પ્રિય આવાસ હતો. આકાશ, ગિરિશિખરો, અરણ્યો અને ઝરણાં પ્રત્યે ઊભરાતો સ્નેહાદર હતો. પ્રારંભિક જીવનમાં સાથી બનેલા બકરાથી માંડીને ગાય, ઘોડાં, ગધેડાં, બુલબુલ, મોર, ઢેલ, દેડકાં, વીંછી, કીડીઓ અને સાપની પ્રાણીસૃષ્ટિ સાથે તાદાત્મ્ય એ કેળવી શકતાં. ઘોડાની માવજત કરવાનું અને ગાય દોહવાનું છેક નાનપણથી શીખેલાં. કાંતણ અને સફાઈકામ પણ બાકી નહોતું રાખ્યું. ગાંધીજીના મનમાં બુનિયાદી તાલીમ ઊગે તે પહેલાં મીરાંબહેને પોતાની બુનિયાદ સુદઢ કરી લીધી હતી.

મીરાંની જેમ એમણે પણ પોતાનો મેવાડ તજી દીધો હતો. ગાંધીવિચારનાં ભાષ્યકાર એ ન થઈ શકતાં હોય તોપણ મીરાંબહેન એમના શ્રેષ્ઠ પરિચારક થવામાં ક્યારેય ટૂંકા પડતાં ન હતાં. મહાત્માએ એમને દીકરી કરીને સ્થાપેલાં તેમ છતાં બીજા અનેક અંતેવાસીઓની જેમ ગાંધીજી સાથે સળંગ રહેવાનું એમના ભાગ્યમાં નિર્માયું ન હતું. એનો એમને ભારે વસવસો હતો. એ ઓછપના વિષાદભર્યા સૂર એમની આત્મકથામાંથી ઊઠે છે. ગાંધીજીએ એ જીવને શા માટે દુભવ્યો હશે એનો ખુલાસો મીરાંબહેનની આત્મકથામાંથી મળતો નથી પરંતુ મહાદેવભાઈની ડાયરીમાંથી મળે છે. મીરાંબહેન વિશે કશીક ફરિયાદ કરનારા એક પત્રલેખકને ગાંધીજીએ આપેલો ઉત્તર નોંધવા જેવો છે:

'...તમે મીરાંને અન્યાય કર્યો છે. એના વિશે મારું મૂલ્યાંકન આ છે: આપણા બધામાં એનું હૃદય સૌથી વધુ પવિત્ર છે. જાણી

જોઈને અસત્ય નહીં બોલનાર, એ અર્થમાં, એ સત્યવક્તા છે એમ માનીએ તો, એણે સર્વ પાશવી વિકારો તજ્યા છે. કદાચ તમારે માટે અને સુરેન્દ્ર માટે જ આમ કહી શકાય. બાળકૃષ્ણ અને છોટેલાલ ત્યાર પછી આવે; જોકે હું જાણું છું ત્યાં સુધી એઓ પ્રયત્ન કરી રહ્યા છે. બીજાઓનું કોઈ સ્થાન નથી. મારી જાત વિશે કહું તો મારો પોતાનો નંબર તમો ચારેની પછી આવે. મીરાંની શ્રદ્ધા મહાદેવની શ્રદ્ધા કરતાં ચડિયાતી છે – તમારા કરતાં તો જરૂર ચડિયાતી છે. હું તમને સમજ્યો છું ત્યાં સુધી તમે ...માં ઓતપ્રોત થયા નથી. તમે એમની મર્યાદા જુઓ છો; મહાદેવ મારામાં એકેય નથી એમ જોવા પ્રયત્ન કરે છે; મીરાં મારામાં એકેય જોતી નથી. કોઈ એક જીવતા મનુષ્યમાં કાંઈ દોષ નથી એવું જોવાની શક્તિ હોય તો એ એ ઈશ્વરી બક્ષિસ કહેવાય. આ સિદ્ધિ કંઈ બુદ્ધિસાધ્ય નથી. આજે આપણી આજુબાજુ ચાલી રહેલાં ધતિંગો સાથે આપણે આ અમૂલ્ય પ્રાપ્તિની ભેળસેળ કરવી જોઈએ નહીં.

તેથી મીરાં સામેનો મારો ગુસ્સો મારી પોતાની જાત સામેનો ગુસ્સો છે. કારણ કે મારા કડકમાં કડક ટીકાકારો પણ જાણતા નથી તેવી મારી ત્રુટિઓને હું જાણું છું. હું પાશવી વિકારોથી ભરેલો છું અને એમને કાબૂમાં રાખવામાં મારા લોહીનું પાણી થઈ જાય છે. મીરાં મારામાં જે અખૂટ વિશ્વાસ રાખે છે તેને લેશમાત્ર હું લાયક નથી, એમ મને લાગે છે. મીરાંની અખૂટ શ્રદ્ધા ન હોય અને છતાં સંપૂર્ણ હોય એવો કોઈ મનુષ્ય મેં જોયો નથી. એનો એ વિશ્વાસ સ્વીકારતાં અને એને દોરવણી આપતાં હું ધ્રૂજું છું. તેથી, વારંવાર, હું એને મારા તરફ આગળ ધપતી અટકાવું છું અને દૂર રાખું છું. હું જાણું છું, એને ઊપડી આવતો રોગ પણ ખરી રીતે તો મારી મર્યાદાને લીધે જ છે. કારણ કે ભૂલરહિત નિર્ણય લેવાની જે શક્તિ એ મારામાં કલ્પે છે તે મારામાં નથી. મારે તો ભૂલો કરતાં કરતાં સાચા નિર્ણય ઉપર આવવાનો પ્રયાસ કરવાનો છે.

[મીરાંબહેન વિશેનું મૂલ્યાંકન. પૃષ્ઠ ૩૯૨-૯૩. महादेवभाईनी डायरी, ભાગ-૧૧]

ગાંધીવેણ એમને મન બ્રહ્મવાક્ય સમું હતું. એના અક્ષરશઃ પાલનમાં મીરાંબહેન પોતાની નિષ્ઠાની સાર્થકતા જોતાં. એને કારણે, વેદિયાપણાનો દોષ વહોરવો પડે તો તેની ફિકર એ કરતાં નહીં. થોડી ધૂન, થોડી વિચિત્રતા, સ્વભાવના ઓછા ઘસાયેલા ખૂણા જેવી દરેક માણસમાં પડેલી સંપત્તિ મીરાંબહેનમાં પણ હશે. મનુષ્યો કરતાં પ્રાણીઓ વધારે સારાં એમ એમને લાગતું હશે પરંતુ તેમની સચ્ચાઈ અને સમર્પણ અદ્વિતીય હતાં. તેમ છતાં, જીવનના અતીત ઉપર નજર નાખતાં મીરાંબહેનને લાગતું હતું કે બાપુને કયારેય તેમનાથી પૂરો સંતોષ થયો ન હતો કારણ કે તેમનામાં કંઈક પરાણે દાબી દીધેલું તત્ત્વ હતું કે જેનાથી એમનું મન વ્યગ્ર રહેતું. બાપુ એ જાણતા હતા અને વારંવાર તેમને સાવધ કરતા. બાપુની આ ચિંતા, તેમણે મીરાંબહેન ઉપર લખેલા પત્રોમાં જોવા મળે છે.

સાબરમતી આશ્રમમાં આવ્યાં અને બીજે જ વર્ષે પિતા ગુમાવ્યા. તે પછીનાં ચારપાંચ વર્ષે માએ આખરી વિદાય લીધી. વળી પાંચેક વર્ષ થયાં હશે ત્યાં મોટીબહેન રોહના ગઈ. મીરાંબહેને છોડેલા સંસાર તરફ પાછાં વળીને જોયું જ નથી. ગોળમેજી પરિષદ ટાણે ઇંગ્લન્ડ ગયાં અને મિલ્ટન હીથ પાસેથી પસાર થવાનું થયું ત્યારે પણ એમણે સમત્વ જાળવી રાખેલું. લાંબો વખત દૂર રહેલી સ્ત્રીને, બીજું કાંઈ નહીં તો, પિયરનાં ઝાડવાં સાથેય વાત કરવાનું મન થાય. પરંતુ સાધુસાધ્વીઓની જેમ સમગ્ર પૂર્વાવતાર એમણે પોતાના ચિત્તમાંથી ભૂંસી નાખેલો. આવી ધૃતિ અને આવી તપશ્ચર્યાને કારણે જ એ મીરાં, મીરાંબાઈ થઈને જીવેલાં.

બાપુના સાન્નિધ્યના અભાવે એ કયારેક અકળાતાં અને હેતુશૂન્યતાનો અનુભવ કરતાં પરંતુ નીલા નાગિનીની જેમ પાંખો ફફડાવી એ ઊડી ગયાં નહીં. એમના સમર્પણભાવમાં જ બાપુએ આપેલા 'મીરાં' નામની સાર્થકતા હતી.

જીવનના પ્રારંભે પ્રકૃતિના સાન્નિધ્યમાં એમને અગમ્યનો સાક્ષાત્કાર થયો હતો. યુવાનીનો ફફડાટ શરૂ થયો ત્યારે બિથોવનની સંગીતસૂરાવલિએ વિરહની વેણુ વગાડી હતી. એ એમનો બીજો સાક્ષાત્કાર. એ સાક્ષાત્કારની કેડીએ એ ગાંધીજી પાસે પહોંચ્યાં અને ગાંધીજી વિદેહ થયા એટલે

પેલી કડીએ પાછાં ફરી નિજની અંતર્ગુહામાં લીન થઈ ગયાં. એક આખું ભવચક્ર અહીં પૂરું થયું.

મીરાંબહેનનું જીવન સાધુતાથી ભર્યું ભર્યું જીવન હતું, એવું અનોખું જીવન કે જેણે સંસારને પણ સાધુત્વના અંશોથી સભર ભરીને ઉત્તમ રીતે નિભાવ્યો, ઉજાળ્યો હતો.

---

Acc. No. 30240
Date
SIMLA

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

## શ્રી મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી ગ્રંથમાળા



| | | |
|---|---|---|
| ૧. મહાદેવભાઈ દેસાઈ : સત્ત્વ અને સાધના | ચંદ્રકાંત શેઠ | ૧૦.૦૦ |
| ૨. કિશોરલાલ મશરૂવાળા | કેતકી બલસારી | ૧૦.૦૦ |
| ૩. મીરાંબહેન | જયન્ત પંડ્યા | ૮.૦૦ |
| ૪. વણછા વિનાના વડલા : મહાદેવભાઈ દેસાઈ | નારાયણ દેસાઈ | ૮.૦૦ |
| ૫. ગાંધી અર્થવિચારના પ્રખર ભાષ્યકાર : ડૉ. જે. સી. કુમારપ્પા | મગનભાઈ જો. પટેલ | ૭.૦૦ |
| ૬. નરહરિભાઈ પરીખ | વનમાળા દેસાઈ | ૭.૦૦ |

માર્ચ - ૧૯૯૫ સુધીમાં આ છ
રૂ. ૫૦.૦૦ને બદલે રૂ. ૪૦
ત્યાર બાદ તે છાપેલી

Library IIAS, Shimla
GJ 891.471 5 P 192 M
00130240

SABARMATI ASHRAM
001827 Ahmedabad
MEERA BAHEN GUJ
MRP : Rs. 4